આજનો સુવિચાર

હંમેશા પૂર્ણ વિવેકથી કામ લેવું, જે ભૌતિક બંધનોમાંથી છૂટવાનો સરળ રસ્તો છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૮૩ જૂનાગઢ તા.૨૫-૩-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


## મધ્યપ્રદેશ, છત્તીસગઢમાં ૪.૦ની તિવ્રતાનો ભુકંપ

ભોપાલ તા. ૨૫

મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં આજે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર આંચકાની તીવ્રતા ૪.૦ હતી. ભૂકંપ સવારે ૧૦: ૩૧ વાગ્યે આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિમી દૂર ગ્વાલિયરથી ૨૮ કિમી દૂર હતું. બીજી તરફ છત્તીસગઢના અંબિકાપુર સહિત આસપાસના વિસ્તારોમાં સવારે ૧૦.૩૯ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેનું કેન્દ્ર સૂરજપુરના ભાટગાંવથી ૧૧ કિમી દૂર હોવાનું કહેવાય છે.

## રાજકોટમાં રૂા.૫ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપાયેલા કેન્દ્ર સરકારનાં ડીજીએફટી વિભાગનાં

# જોઈન્ટ ડાયરેકટરે સીબીઆઈની પુછપરછ દરમ્યાન ચોથા માળેથી છલાંગ લગાવી આત્મહત્યા કરી લીધી

રાજકોટ, તા.૨૫ : રાજકોટમાં ગત બપોરે સીબીઆઈએ દરોડો પાડીને કેન્દ્ર સરકાર આધીન આવતાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી)ના જોઈન્ટ ડિરેક્ટરને રૂા.પાંચ લાખની લાંચ લેતાં રંગે હાથે પકડીલીધા બાદ ડાયરેક્ટરેઆજે સવારે ચાલું પૂછપરછ દરમિયાન કચેરીના ચોથા માળેથી છલાંગ લગાવી આપઘાત કરી લેતાં સનસનાટી મચી જવા પામી છે. આખી રાત સુધી પૂછપરછ ચાલ્યા બાદ આજે સવારે બ્રેક દરમિયાન જોઈન્ટ ડિરેક્ટર બિશ્નોઈએ અંતિમ પગલું ભરી લેતાં તંત્રમાં દોડધામ થઈ પડી છે. આ અંગે જાણવા મળતી વિગતો મુજબ વિદેશ વેપારના જોઈન્ટ ડિરેક્ટર જે.એમ.બિશ્નોઈએ દરિયાકાંઠા વિસ્તારમાં મોટા ગજાના ગણાતાં વેપારી પાસેથી ફૂડ કેનની સમયાંતરે નિકાસ થાય તે માટે અત્યંત જરૂરી ગણાતું એવું (એનઓસી)સર્ટિફિકેટ ઈશ્યુ કરવાના બદલામાં ૯ લાખ રૂપિયાની લાંચ માંગી હતી. આ પછી ફરિયાદીએ તે પૈસાની ચૂકવણી કરવા માટેની તૈયારી દર્શાવી હતી અને પ્રથમ હપ્તા પેટે પાંચ લાખ રૂપિયા આપવાનું નક્કી થયું હતું. જો કે ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોય તેમણે આ અંગે સીબીઆઈને ફરિયાદ કરી હતી. સીબીઆઈએ તેમને રંગે હાથ ઝડપી લીધા હતા.

# ગુજરાતની ૧૭ જેલોમાં મધરાત્રીનાં પોલીસ સ્ટ્રાઈક અનેક જેલોમાં ગેરરીતિ મળી આવ્યાની ચર્ચા

ગાંધીનગર તા.૨૫

ગુજરાતની જેલોમાં મોટાપાયે ગેરરીતિ ચાલી રહ્યાની અનેક ફરિયાદો ઉપરાંત હાઈકોર્ટ દ્વારા જેલનું ઢંગધડા વગર મોનિટરિંગ થઈ રહ્યાની ટકોર કરતાંની સાથે જ સરકારેતાત્કાલિક એક્શનમાંઆવી જઈને આ દિશામાં સુધારાઓ કરવાનુંશરૂ કરીદીધુંછે. બીજીબાજુ ગત સાંજે સાત વાગ્યે ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પોલીસ સહિતની સુરક્ષા એજન્સીઓ સાથે બે કલાક સુધી મેરેથોન બેઠક કર્યા બાદ અચાનક જ રાજ્યની તમામ જેલોમાં પોલીસ દ્વારાસ્ટ્રાઈક શરૂ કરી દેવામાં આવતાં કેદીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. દરમિયાન પોલીસ દ્વારા અલગ-અલગ જેલોમાં કરવામાં આવેલા ચેકિંગ દરમિયાન મોટાપાયે મોબાઈલ ઉપરાંત નશીલા પદાર્થો જેવા કે ચરસ-ગાંજો-અફીણ સહિત મળી આવ્યા હોવાથી તે જેલના અધિકારીઓ સામે આકરીકાર્યવાહી તોળાઈ રહ્યાનું જાણવા મળીરહ્યું છે.



ગતરાત્રે નવ વાગ્યે ગાંધીનગરથીઆદેશ છૂટતાં જ દરેક શહેર-જિલ્લામાં ફરજ બજાવતી ક્રાઈમબ્રાન્ચ, એસઓજી, સાયબર ક્રાઈમ, ડૉગ સ્કવોડ સહિતની ટીમોએ મોટાપાયે જેલમાં ચેકિંગ શરૂ કરી દીધું હતું. આશ્ચર્યની વાત એ રહી કે આ પ્રકારનું ચેકિંગ થવાનું છે તેની આગોતરી જાણ કોઈને પણ ન્હોતી એટલા માટે ગેરરીતિઓ પણ પકડમાં આવી છે. બીજી બાજુ ગૃહમંત્રી ઉપરાંત ડીજીપી વિકાસ સહાય, હોમ સેક્રેટરી નિપુણા તોરવણે, આઈબીના વડા અનુપમસિંહ ગેહલોત સહિતનાએ ગાંધીનગર સ્થિત 'ત્રિનેત્ર' મોનિટરિંગ રૂમમાં બેસીને રાજ્યની જેલોમાં ચાલી રહેલા ચેકિંગને 'લાઈવ' નિહાળ્યું હતું સાથે સાથે ચેકિંગ કરી રહેલા અધિકારીઓને વિવિધ સુચનાઓ પણ આપી હતી.

ગુજરાતમાં કુલ ૧૭ જેલ આવેલી છે જ્યાં હજારોનીસંખ્યામાં કેદીઓ સજા ભોગવી રહ્યા છે. દરમિયાન પોલીસના ચેકિંગમાં અલગ-અલગ જેલમાંથી ૨૬ જેટલા મોબાઈલ મળી આવ્યા છે. આ ઉપરાંત સુરતની લાજપોર જેલમાંથી ચરસ-ગાંજાની ૧૦ પડીકી, સાબરમતિ જેલમાંથી ગાંજાના ૧૪ પેકેટ મળી આવતાં તેને મંગાવનાર કેદી અને કેદી સુધી પહોંચાડનાર જેલકર્મી સામે આકરી કાર્યવાહીના નિર્દેશ મળી રહ્યા છે.

## વોન્ટેડ અમૃતપાલ દિલ્હીમાં સાધુનાં વેશમાં દેખાયો

નવી દિલ્હી તા. ૨૫

જ્યારે પંજાબ પોલીસ ખાલિસ્તાની સમર્થક અમૃતપાલ સિંહ અને તેના સહયોગીઓની શોધમાં સમગ્ર રાજ્યમાં એલર્ટપર છે, ત્યારે સમાચાર આવી રહ્યા છે કે અમૃતપાલ ISBT બસ સ્ટેન્ડ ખાતે પપલપ્રીત સિંહ સાથે જોવા મળ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર અમૃતપાલ શુક્રવારે સાધુના વેશમાં જોવા મળ્યો હતો. ઈન્ટેલિજન્સ ઈનપુટ્સને પગલે દિલ્હી અને પંજાબ પોલીસની ટીમો દિલ્હી અને તેની સરહદોમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે.

બીજી તરફ અમૃતપાલ ઉત્તરાખંડ જાય તેવી શક્યતા છે. એસટીએફ તેની શોધમાં તૈનાત છે. ઉત્તરાખંડ STF અને પોલીસે હરિદ્વાર, દેહરાદૂન, ઉધમ સિંહ નગરની સરહદો પર સઘન ચેકિંગ શરૂ કર્યું છે. દરેક જિલ્લાના સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલને સુપર એલર્ટ મોડ પર મૂકવામાં આવ્યા છે. જેથી કરીને સોશિયલ મીડિયા પર થઈ રહેલી હિલચાલ પર નજીકથી નજર રાખી શકાય.

# કોંગ્રેસ દ્વારા આગામી સોમવારથી આરપારની લડાઈ : 'ડરો મત' કેમ્પેઈન શરૂ કરશે

નવી દિલ્હી તા. ૨૫: કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું સંસદ સભ્યપદ રદ કરવાના વિરોધમાં કોંગ્રેસે સોમવારથી બંધારણ બચાવો આંદોલનની જાહેરાત કરી છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું કે બ્લોક, તહસીલ, જિલ્લા સ્તરથી લઈને રાજધાની સુધી આંદોલન કરવામાં આવશે. તેમણે કહ્યું- અદાણી કૌભાંડ સામે અવાજ ઉઠાવવા બદલ રાહુલ ગાંધીને નિશાન બનાવવામાં આવ્યા છે. ૭ ફેબ્રુઆરીએ રાહુલે અદાણી મુદ્દે સંસદમાં ભાષણ આપ્યું હતું. સુરત કોર્ટમાં ૨૭ ફેબ્રુઆરીએ સુનાવણી શરૂ થઈ હતી અને ૨૩ માર્ચે સજાની જાહેરાત કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે આંદોલનની જવાબદારી સોંપવા માટે સમિતિઓની રચના કરવામાં આવશે. શુક્રવારે સાંજે કોંગ્રેસ મુખ્યાલયમાં મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત હાજર હતા.

કોંગ્રેસના નેતા અને સાંસદ રાહુલ ગાંધીને સુરતની કોર્ટે માનહાનિના કેસમાં બે વર્ષની સજા ફટકારી છે. રાહુલની સજા બાદ જોરશોરથી રાજકારણ થઈ રહ્યું છે. કોંગ્રેસના કાર્યકરો રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ બધાની વચ્ચે કોંગ્રેસે પોતાના ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરપ્રોફાઈલ ફોટો બદલ્યો છે. તે સાથે કોંગ્રેસના ઘણા નેતાઓ અને કાર્યકર્તાઓએ પણ આ ફોટો પોતાની પ્રોફાઈલપર લગાવ્યો છે. કોંગ્રેસે ટ્વિટર, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેના સત્તાવાર એકાઉન્ટ્સમાં એક નવો પ્રોફાઈલફોટો મૂક્યો છે. આ ફોટો રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા દરમિયાન લેવામાં આવ્યો છે, જેના પર લખ્યું છે- 'ડરો મત'!

## હવે શું ? કોંગ્રેસનાં તમામ સાંસદો રાજીનામુ આપશે ?

નવી દિલ્હી તા. ૨૫ :

રાહુલ ગાંધીને લોકસભા સાંસદ તરીકે ગેરલાયક ઠેરવ્યા બાદ ગતસાંજે રાષ્ટ્રીય રાજધાનીમાં કોંગ્રેસના વરીષ્ઠ નેતાઓની બેઠક મળી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, કોંગ્રેસે એવી રણનીતિ બનાવી છે કે વર્તમાન રાજકીય પરિસ્થિતિ માટે તેઓ આગામી કર્ણાટક વિધાનસભા ચૂંટણી જીતીને ભારતીય જનતા પાર્ટી સરકારને જડબાતોડ જવાબ આપશે. કોંગ્રેસના નેતાઓએ રાહુલ ગાંધીને ગેરલાયક ઠરાવવા પર આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવા માટે એક સમિતિ બનાવવાનો પણ નિર્ણય કર્યો હતો. પાર્ટી હેડક્વાર્ટરમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગેની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં સોનિયા ગાંધીઅને પ્રિયંકા ગાંધી વાડ્રા પણ હાજર હતા. સૂત્રોના જણાવ્યાઅનુસાર એકસાંસદે સૂચન કર્યું કે તમામ પાર્ટીના સાંસદોએ સામૂહિક રાજીનામું આપવું જોઈએ. જોકે આ અંગે કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી.

# મુંબઈમાં એક વ્યકિતએ પાંચ લોકોને ચાકુ હુલાવી દીધા : ચારનાં મોત

મુંબઈ,તા. ૨૫ : મુંબઈના ગ્રાન્ટ રોડવિસ્તારમાં એક વ્યક્તિએ ૫ લોકોની ચાકુ મારીને હત્યા કરી હતી, જેમાંથી ચાર લોકોના મોતથયા હતા. સ્પેશિયલ સેલે આ વાતની પુષ્ટિ કરીછે. આરોપીની ધરપકડ કરવામાં આવી છે. હત્યાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આ શખ્સે જાહેરમાં પાંચ લોકોને માર માર્યો હતો. ઘટના બાદ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘાયલોને નજીકની રિલાયન્સ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમાંથી પહેલા બે લોકોના મોત થયા હતા, ત્યારબાદ બે લોકોએ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. હુમલાખોરને પોલીસે સ્થળ પરથી જ પકડી લીધો છે. એક બિલ્ડીંગના બીજા માળની ગેલેરીમાં ચડીને એક શખ્સે એક પછી એક પાંચ યુવકોને માર માર્યો હતો. બધા તેને જોઈને આર્યચકિત થઈ ગયા. આરોપીનું નામ ચેતન ગાલા છે અને તેની ઉંમર ૫૪ વર્ષ હોવાનું કહેવાય છે. આ ઘટનાનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી.

# રાહુલ ગાંધીનાં મુદ્દે તમામ વિપક્ષો એક થયા

નવી દિલ્હી તા. ૨૫ : માનહાનિના કેસમાં રાહુલ ગાંધીને બે વર્ષની સજા થયા બાદ અને ત્યારબાદ તેમનું સભ્યપદ રદ કરવામાં આવ્યા બાદ અચાનક જ સમગ્ર વિપક્ષ એકજૂટ થઈ ગયો હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરમાં ત્રીજા મોરચા માટે સક્રિયતા સામે આવી રહી હતી. હવે BRS, AAP, TMC, SP જેવા ત્રીજામોરચાની કવાયતમાંસામેલ તમામ પક્ષોએ આ મામલે સત્તાધારી ભાજપ અને સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તમામ વિપક્ષી પાર્ટીઓ કોંગ્રેસની સાથે જોવા મળીરહીછે. રાહુલ ગાંધી સામેની કાર્યવાહી વિપક્ષી પાર્ટીઓને એકસાથે લાવવા માટે એક મોટો વળાંક સાબિત થઈ રહી છે. તમામ પક્ષોને લાગે છે કે જો તેઓ એક નહીં થાય તો એક પછી એક મુશ્કેલીઓ વધશે. આ જ કારણ છે કે થોડા દિવસ પહેલા કોંગ્રેસે મહિલા અનામતને લઈને ટીબીઆરએસના કાર્યક્રમથી અંતર રાખ્યું હતું, તે જ બીઆરએસ આજે કોંગ્રેસ સાથે ઉભેલી જોવામળી રહી છે. તેને ભારતીય લોકશાહીના ઈતિહાસમાં કાળો દિવસ ગણાવતા તેલંગાણાના સીએમ અને બીઆરએસના વડા કે ચંદ્રશેખર રાવે કહ્યું કે રાહુલ ગાંધીનું સંસદનું સભ્યપદ ગુમાવવું તે નરેન્દ્રમોદીના ઘમંડ અને સરમુખત્યારશાહીની પરાકાષ્ઠા છે.

વિપક્ષી એકતાનો મુખ્ય સંકેત કેરળમાંથી આવ્યો હતો, જયાં સીએમ પિનરાઈ વિજયન રાહુલ ગાંધી સાથે એકતામાં ઊભા હતા, તેને સંઘ પરિવાર દ્વારા દેશનો 'લોકશાહી પર હિંસક હુમલો' ગણાવ્યો હતો. પિનરાઈ એ જ કેરળના સીએમ છે, જયાં રાહુલ વાયનાડ સીટથી સાંસદ હતા અને પિનરાઈ સરકારની કામગીરી પર સતત સવાલ ઉઠાવતા રહ્યા છે. પ્રાદેશિક પક્ષોને લાગી રહ્યું છે કે જો કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષ સાથે આવું થઈ શકે તો આગામી દિવસોમાં પ્રાદેશિક પક્ષોએ પણ આ બધું જોવું પડશે. સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી પાર્ટીઓ હવે નવેસરથી વિપક્ષી એકતાની કવાયત પર કામ શરૂ કરશે. ટૂંક સમયમાં તેના સંકેતો આવવા લાગશે. વિપક્ષી છાવણીમાં એવી વિચારસરણી ઠંડક પ્રસરી રહી છે કેભાજપનો સામનોકરવાઅંગત સ્વાર્થથી આગળ વધીને એક થવું પડશે, તો જ તેમનું અસ્તિત્વ બચી શકશે.

## કોંગ્રેસે કર્ણાટક માટે ૧૨૪ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૫

કોંગ્રેસે કર્ણાટક વિધાનસભા ચૂંટણી ૨૦૨૩ માટે તેના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. કોંગ્રેસે ૧૨૪ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. કોંગ્રેસના ઉમેદવારોની પ્રથમ યાદીમાં પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને દિગ્ગજ નેતા ડીકેશિવકુમારના નામ સામેલ છે. કર્ણાટકમાં કુલ ૨૨૪ વિધાનસભા સીટો છે. કર્ણાટકમાં હાલ ભાજપ સત્તા પર છે. કોંગ્રેસ ફરી એકવાર કર્ણાટક સરકારમાં પરત ફરવાની આશા રાખી રહી છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ સૌથી મોટી પાર્ટી બની હતી, પરંતુ બહુમતીથી ઓછી પડી હતી. આ પછી રાજ્યમાં કોંગ્રેસ અને જેડીએસ ગઠબંધનની સરકાર બની હતી. જો કે, આ ગઠબંધન સરકાર પાંચ વર્ષ સુધી ટકી શકી નહીં અને ભાજપ ફરી સત્તામાં આવી.

## ખાનગી બેંકો દ્વારા એફડી ઉપર ૯ ટકાનું બમ્પર વ્યાજ


નવી દિલ્હી તા. ૨૫ : છેલ્લા કેટલાક મહિનામાં બેંકોએ ફિક્સ્ડ ડિપોઝિટના વ્યાજ દરમાં વધારો કર્યો છે. જેના કારણે બેંક ફિક્સ્ડ ડિપોઝિટનો સરેરાશ વ્યાજ દર ૫.૫ ટકાથી વધીને ૭ ટકા થયો છે. તેની પાછળનું કારણ રેપો રેટમાં વધારો છે. રિઝર્વ બેંકે રેપો રેટમાં સતત વધારો કર્યો છે. આ કારણે, દેશની ખાનગી અને સરકારી બેંકોએ તેમની ફિક્સ્ડ ડિપોઝિટ યોજનાઓના વ્યાજ દરોમાં વધારો કરીને તેમને ગ્રાહકો માટે આકર્ષક બનાવવાનો પ્રયાસ કર્યો છે. કેટલીક બેંકો ફિક્સ્ડ ડિપોઝિટ પર આઠ ટકાથી વધુ વ્યાજ ચૂકવે છે, જયારે કેટલીક બેંકો ૯ ટકા સુધીનું વ્યાજ આપી રહી છે.


**ટાઉન હોલ ભાડે મેળવવા માટે સંપર્ક કરો**

વર્ધમાન ગ્રુપ દ્વારા સંચાલિત જૂનાગઢનાં સરદાર વલ્લભભાઈ ચોકમાં આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલ, અદ્યતન સુવિધાથી સજ્જ ૬૫૦ સીટ ધરાવતું ટાઉનહોલ તથા કોન્ફરન્સ હોલમાં ૭૫ સીટની વ્યવસ્થા, આપના લગ્ન પ્રસંગો તેમજ બર્થ-ડે પાર્ટી, સેમીનાર, નાટયગૃહ માટે તદ્દન વ્યાજબી ભાવમાં ભાડે મળશે.

મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧, ૮૧૬૦૬ ૭૯૮૨૧ ૮૨૦૦૬ ૯૫૦૩૩

PACIFIC STAR
AFFORDABLE LUXURY
READY POSSESSION READY
સેમ્પલ ફ્લેટ રેડી
2 BHK ના ભાવમાં 3 BHK
2 & 3 BHK APARTMENTS
SHOWROOM & SHOPS
:: સુવિધાઓ ::
કલબ હાઉસ - બેંક્વેટ હોલ
ગઝેબો - ચિલ્ડ્રન પ્લે એરીયા
સ્વીમિંગ પુલ - જીમ્નેશ્યમ - ફાયરસેફ્ટી
સીસીટીવી કેમેરા - ઈન્ડોર ગેમ ઝોન
જનરેટર બેક - ગાર્ડન
100% સુધીની સાઈટ ઉપરથી જ લોનની સુવિધા
BPCL પેટ્રોલ પંપ સામે, રેલનગર, માધાપર ચોકડી એરીયા, રાજકોટ. 85000 70404 85000 90404



**જગ્યા ભાડે આપવાની છે**

ઓફિસ, કોચિંગ કલાસ, હોસ્પિટલ માટે

રાયજીનગર શોપીંગ સેન્ટર, પહેલા માળે, મોતીબાગ પાસે, જૂનાગઢ

મો. ૯૩૭૬૬ ૦૪૪૪૧

**ચાલો વિમાન દ્વારા પ્રિમીયમ એર પેકેજ**

અમદાવાદ થી જતા-આવતા એર ટિકિટ
સ્ટાર કેટેગરી હોટલ • સ્વાદિષ્ટ ભોજન • સાઈટસીન

| | | |
|---|---|---|
| સિમલા-મનાલી-ડેલહાઉસી<br>અમૃતસર-ખજીયાર-વાઘા બોર્ડર<br>અમદાવાદ થી ચંદીગઢ જતા-આવતા એર ટિકિટ | By Air 27000 | Day-6 |
| | 35000 | Day-9 |
| કેરાલા-મુન્નાર-થેકડી<br>ક.કુમારી-એલપ્પી-કોવાલમ | અમદાવાદ થી કોચીન જતા-આવતા એર ટિકિટ 35000 | Day-8 |

નૈનિતાલ કોર્બેટ-મસુરી-હરિદ્વાર | કાશ્મીર શ્રીનગર-વૈ. દેવી | GOA 3 Night Resort
બેંગ્લોર-ઉટી-મૈસુર-કુર્ગ • દાર્જીલીંગ-સિકકીમ • ચારધામયાત્રા
શિવ ટ્રાવેલ્સ લીમડા ચોક રાજકોટ 93746 31854
અમદાવાદ ઓફિસ : 90163 60563


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત




વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**હોલ વેચવાનો છે**

● ત્રીજો માળ
● ૧૪૦૦ કાર્પેટ

કેશવ પ્લાઝા જોશીપુરા

દલાલભાઈઓ આવકાર્ય

૯૮૭૯૦ ૨૯૧૩૦

**લકઝરીયસ ડુપ્લેક્ષ વેચવાનું છે**

અદ્યતન ફીક્સ ફર્નિચર સાથે ચાર મોટા બેડરૂમ, એક મોટો સીટીંગ રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, પુજા રૂમ, સ્પેશ્યલ કીચન કમ ડાઈનીંગ, સ્વતંત્ર બોર, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણી ભુગર્ભ ટાંકો, ૯ વર્ષનું તદ્દન નવું જ પાયાથી/ કોલમથી બાંધકામ, ૧૫૨ વાર જગ્યા, ૩૭ ૩૭ ફૂટનો ચોરસ પ્લોટવાળું ઉત્તરભીમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર વાળુ, આધ્યાત્મિકતા અને ઉર્જા સાથેનું ડુપ્લેક્ષ વેચવાનું છે.

મો. ૭૫૭૫૮ ૦૬૫૮૫

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૭૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

## સત્તા હાંસલ કરવાનાં ખેલમાં રાજયપાલની ભૂમિકા અંગે ઉઠાતા સવાલો

એ વિટંબણા છે કે સત્તાની મહત્ત્વાકાંક્ષાને કારણે સરકાર બનાવવા-ગબડાવવાનો જે ખેલ આઝાદી બાદથી રાજ્યોમાં જોવા મળતો રહ્યો છે, તેમાં રાજ્યપાલની ભૂમિકાને લઈને ઘણા સવાલો પેદા થતા રહ્યા છે. આ પદની ગરિમાથી વિપરિત રાજયપાલ કેન્દ્રમાં સત્તારૂઢ સરકારના રાજકીય પ્રતિનિધિ તરીકે વ્યવહાર કરતા દેખાય છે. એવું નથી કે આ પ્રવૃત્તિ હાલમાં જ ઉભરી હોય, આઝાદીના થોડાં વર્ષો બાદથી જ આ ખેલ ચાલુ થઈ ગયો હતો. રાજ્યમાં વિપક્ષી દળોની સરકારોને ગબડાવવા માટે આ પદનો સૌથી પહેલો દુરુપયોગ આપણા પહેલા વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ જ કર્યો હતો! કોંગ્રેસથી માંડીને એનડીએ સરકારોના દોરમાં આ દુરુપયોગ થતો રહ્યો છે. આ સંકટ તરફ આંગળી ચીંધતાં સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર પ્રકરણમાં આકરી ટિપ્પણી કરવી પડી! સુપ્રીમ કોર્ટે કહ્યું કે સત્તારૂઢ પાર્ટીમાં અસંતોષની સ્થિતિમાં રાજ્યપાલનું બહુમત સાબિત કરવા માટે કહેવું અયોગ્ય છે. એવામા સત્તારૂઢ પક્ષમાં જો મતભેદ થાય અને બહુમત સાબિત કરવાનું કહેવામાં આવે તો ચૂંટાયેલી સરકારના અસ્તિત્વ પર સંકટ પેદા થઈ શકે છે. એટલે કે તેમાં રાજયપાલની ભૂમિકા હસ્તક્ષેપ કરનારની ન હોવી જોઈએ.

અસલમાં મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી પાંચ સભ્યોની બંધારણીય પીઠે ટિપ્પણી કરતાં કહ્યું કે જો એવું કરવામાં આવે છે તો તે લોકતંત્રનું પ્રહસન જ હશે. ઉલ્લેખનીય છે કે ખંડપીઠે આ ટિપ્પણી ગયા વર્ષે અવિભાજિત શિવસેનામાં એકનાથ શિંદેના નેતૃત્વમાં થયેલ બળવા બાદ રાજ્યમાં પેદા થયેલ રાજકીય સંકટ બાબતે કરી હતી. ત્યારે પણ રાજયપાલની ભૂમિકાને લઈને વિપક્ષો કેટલાય સવાલો ઊભા કર્યા હતા. અસલમાં કોર્ટે આ સંકટ બાબતે દાખલ કરાયેલ અરજી પર સુનાવણી દરમ્યાન જ આ ટિપ્પણી કરી. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં થયેલ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ અને શિવસેનાએ મળીને ચૂંટણી લડી હતી. સમયાંતરે સત્તાની લાલચે શિવસેનાએ ભાજપથી છેડો ફાડ્યો હતો અને ઓછા ધારાસભ્ય હોવા છતાં શિવસેનાએ જેની સામે ચૂંટણી લડી હતી તેની સાથે જ ગઠબંધન કરીને સરકાર બનાવી લીધી હતી.

આ તથ્ય કોઈથી છૂપું નથી કે રાજ્યમાં શિવસેનાની સરકાર બન્યા બાદથી જ ભાજપ પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપે શિવસેના પર આક્રમક રહી હતી. આ કામમાં જ્યાં તમામ વિવાદોમાં સરકારી એજન્સીઓના દુરુપયોગના આરોપ લાગ્યા, ત્યાં જ રાજ્યપાલની ભૂમિકા પર પણ સવાલ ઊઠ્યા. કેન્દ્રની સત્તામાં હોવાનો લાભ રાજ્ય ભાજપને મળ્યો. એનડીએના સૌથી જૂના સહયોગીઓમાં રહેલ શિવસેના અને બાજપમાં કડવાશ એ હદે જઈ પહોંચી કે વાત સરકારને તોડવા સુધ્ધામાં પરોક્ષ ભૂમિકા સુધી પહોંચી ગઈ. આ રાજકીય વિદ્રુપતા જ છે કે કોઈ પાર્ટીના બેનર તળે ચૂંટાઈને આવેલા જનપ્રતિનિધિ સત્તા અને અન્ય સુવિધાઓના પ્રલોભનમાં પાટલી બદલીને મૂળ પક્ષના વિરોધીઓ સાથે ચાલ્યા જાય છે. એ તથ્ય ઉઘાડું જ છે કે મહારાષ્ટ્રમાં એકનાથ શિંદેની સરકાર ભાજપના સમર્થનથી જ અસ્તિત્વમાં છે. ખરા અર્થમાં શીર્ષ અદાલતે આ જ રાજકીય વિદ્રુપતાઓ તરફ ઈશારો કરતાં કહ્યું કે રાજ્યપાલ દ્વારા કોઈ રાજકીય પક્ષમાં અસંતોષને કારણે બહુમત સાબિત કરવાનું કહેવું અપરોક્ષ રૂપે સરકારને અસ્થિર કરવાનો જ છે. કુલ મળીને કોર્ટે રાજ્યપાલની ભૂમિકાના નૈતિક પક્ષને ઉજાગર કરવાની સાથે જ આ પદની ગરિમાને જાળવી રાખવાનો સંદેશ આપ્યો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જ્ઞાનથી જ વિનયની પ્રાપ્તિ થાય છે.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૨, મુ. રમજાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ચૈત્ર સુદ-૪ વિનાયક ચતુર્થી તા. ૨૫ માર્ચ ૨૦૨૩, શનિવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૨, ભરણી નક્ષત્ર, વિષ્કુંભ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૫૨, સૂ.અ.૭:૦૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), સાંજે ૭:૨૭ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : વ્યર્થ ચિંતા રહે. નોકરીયાત વર્ગને કાર્યભાર વિશેષ રહે.
વૃષભ : વ્યર્થ વાદ-વિવાદ ન કરવો હિતાવહ. કાર્યમાં વિલંબથી સફળતા મળે.
મિથુન : આવક વૃધ્ધિ થાય. કાનુની બાબતે લાભ મળે.
કર્ક : મહત્વના નિર્ણય લઈ શકશો. દિવસ આનંદભર્યો પસાર થાય.
સિંહ : મિલન-મુલાકાતમાં સફળતા મળે. વ્યાપાર-ઉદ્યોગ બાબતે ચિંતા રહે.
કન્યા : કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. સંતાનોથી સહકાર મળે.
તુલા : આર્થિક વ્યવહારોમાં સંભાળવું. સ્નેહિજનોથી સંતોષ રહે.
વૃશ્ચિક : માંગલિક પ્રસંગોનું આયોજન થાય. પરિવારજનોમાં યશ, વૃધ્ધિ રહે.
ધન : નવા આયોજનો ન કરવા હિતાવહ.
મકર : નાણાંની લેવડ-દેવડના કાર્યોમાં સફળતા મળે. આરોગ્ય બાબતે સંભાળવું.
કુંભ : આકસ્મીક ધન વ્યયના યોગ છે. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મીન : આર્થિક મૂંઝવણમાંથી માર્ગ મળે. નવિન કાર્યમાં સફળતા મળે.

# મન ફાવે તેમ વ્યાજ વસૂલતા વ્યાજખોરોએ ધંધો છોડવો પડશે અથવા ગુજરાત છોડવું પડશે: ગૃહ રાજયમંત્રી




અમદાવાદ તા. ૨૫

ગુજરાતમાં વ્યાજખોરીના દુષણને ડામવા તેમજ વ્યાજખોરોના ચક્કરમાં ફસાઈ ગયેલા મજબૂર અને જરૂરિયાતમંદ લોકોને આ બોજમાંથી મુક્ત કરાવવા રાજ્ય સરકારે ચિંતા કરીને એક વિશેષ ઝુંબેશ ચલાવી છે, તેમ ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ ભૂપેન્દ્ર પટેલના તાત્કલિક નિર્દેશથી રાજયમાં શરુ થયેલી આ મેગાડ્રાઈવથી વ્યાજખોરોમાં એક સંદેશ સ્પષ્ટ થઈ ગયો છે કે, આ ધંધો છોડવો પડશે અથવા તો ગુજરાત છોડવું પડશે.

વિધાનસભા ગૃહ ખાતે વ્યાજખોરો સામેની ઝુંબેશ અને રાજ્યમાં યોજતા લોકદરબાર અંગે પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા ગૃહરાજ્યમંત્રી સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ૦૫-૦૧-૨૦૨૩થી શરૂ થયેલી અનધિકૃત વ્યાજખોરો સામેની ખાસ ઝુંબેશના પરિણામે રાજયના અનેક નાગરીકો વ્યજખોરીના ચક્કરમાંથી બહાર આવ્યા છે. વધુમાં વધુ લોકોને વ્યાજ અને વ્યાજખોરોના બોજમાંથી બહાર લાવી શકાય તે માટે ગુજરાત પોલીસ દ્વારા રાજ્યભરમાં અત્યારસુધીમાં ૩૫૦૦ જેટલા લોકદરબાર યોજાયા છે.

મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, પ્રજા પોલીસ સુધી પહોંચે તે પહેલા લોકદરબારો થકી ગુજરાત પોલીસ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ પ્રજાના દ્વાર સુધી પહોંચી તેમને ન્યાય અપાવી રહ્યા છે. માત્ર અમદાવાદ જિલ્લામાં જ અત્યારસુધીમાં કુલ ૧૭૪ લોકદરબાર યોજવામાં આવ્યા છે, જેમાં ૧૪,૨૬૦ નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા અને ગુજરાત પોલીસના ૧૬૯૨ અધિકારીઓએ ઉપસ્થિત રહી પ્રજાના પ્રશ્નો સાંભળ્યા છે. નવસારી જિલ્લામાં પણ અત્યારસુધીમાં ૧૪ લોકદરબાર યોજવામાં આવ્યા છે, જેમાં પોલીસના ૨૦૫ અધિકારીઓએ ૧૭૦૮ જેટલા નાગરિકોના પ્રશ્નો સાંભળ્યા હતા.

અંતમાં મંત્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાત પોલીસે લોકદરબારો થકી આવેલા મોટાભાગના પ્રશ્નોને સ્થળ પર જ ન્યાય અપાવવાનું કામ કર્યું છે. આ ઉપરાંત રાજય સરકારે લોનમેળાનું આયોજન કરીને વિવિધ યોજનાઓ અંતર્ગત લોકોને સહાય અને લાભ આપી છે.

# Jio Plan: ૮૯૫ રૂપિયામાં આખું વર્ષ ચાલશે, મળશે અનલિમિટેડ કોલ અને ડેટાનો લાભ




Jio દ્વારા સમયાંતરે વપરાશકર્તાઓ માટે નવા પ્લાન લોન્ચ કરવામાં આવે છે. માસિક યોજનાઓથી લઈને વર્ષ-લાંબી યોજનાઓ સુધી, તમને તે જોવા મળશે. હવે આવી સ્થિતિમાં જે યુઝર્સ આખા વર્ષ માટે પ્લાન લેવાનું વિચારી રહ્યા છે તેમના માટે Jioનો ૮૯૫ રૂપિયાનો પ્લાન યોગ્ય વિકલ્પ બની શકે છે. આ પ્લાનમાં ઘણી સુવિધાઓ અને લાભો ઉપલબ્ધ છે. આ એક સારી યોજના સાબિત થઈ શકે છે. પરંતુ એકવાર તમે આ પ્લાનના ફાયદા જાણ્યા પછી માત્ર કિંમત પર ન જાઓ. ચાલો જાણીએ રૂ.૮૯૫ની કિંમતના આ પ્લાનમાં ઉપલબ્ધ સુવિધાઓ વિશે.

જો તમે Jioનું ૮૯૫ રૂપિયાનું રિચાર્જ કરાવો છો, તો તમને આ પ્લાનમાં અમર્યાદિત કૉલનો લાભ મળે છે. આ સિવાય આ પ્લાનમાં ૨૪GB ડેટા પણ ઉપલબ્ધ છે, પરંતુ ધ્યાનમાં રાખો કે આ ડેટા આખા વર્ષ માટે માન્ય રહેશે. જેમાં દરરોજ ૫૦ SMS પણ આપવામાં આવે છે. આ પ્લાન હેઠળ તમને ૨૮ દિવસના પ્લાનની ૧૨ સાઈકલ મળે છે. એટલે કે જો પ્લાનમાં ઉપલબ્ધ ડેટાની વાત કરીએ તો દર ૨૮ દિવસે ૨ જીબી ડેટા આપવામાં આવે છે. આમાં JioTV, Jio Cinema, Jio સિક્યોરિટીનું સબસ્ક્રિપ્શન આપવામાં આવ્યુંછે. અમે તમને અગાઉથી જણાવી દઈએ કે Jioના આ પ્લાન માત્ર ફોન યુઝર્સ માટે છે. તેનો ફાયદો તમને Jio ફોનના કિસ્સામાં જ મળશે.

Jioના આ પ્લાનની વેલિડિટી ૨૫૨ દિવસની છે. આ પ્લાનમાં યુઝર્સને દરરોજ ૨.૫ જ્ઞ ડેટા મળશે, એટલે કે કુલ ડેટા ૬૩૦ GB થશે. આ સિવાય જ્યારે હાઈ સ્પીડ પૂરી થઈ જશે તો ઈન્ટરનેટ સ્પીડ ઘટીને ૬૪Kbps થઈ જશે. આ સિવાય આ પ્લાનમાં અનલિમિટેડ કોલની સુવિધા પણ આપવામાં આવી રહી છે. એટલું જ નહીં, તમને દરરોજ ૧૦૦ SMS પણ મળશે. આ પ્લાન સાથે Jio Apps સબસ્ક્રિપ્શન ફ્રીમાં મળશે.

# હેરીટેજ સ્માર્ટસિટીના ધજાગરા કરતું પાલીકા તંત્ર

## યાત્રાધામ દ્વારકામાં વધતા જતા આખલાઓના ત્રાસથી સ્થાનિકો યાત્રિકો પરેશાન નિંભર તંત્ર કયારે જાગશે!!





(રાકેશ સામાણી દ્વારા)

દેવભૂમિ દ્વારકા તા. ૨૫

યાત્રાધામદ્વારકામાં દિવસે ને દિવસે રખડતા આખલાનો ત્રાસ વધતો જતો જોવા મલે છે. દ્વારકા શહેરમાં અનેક વિસ્તારોમાં આખલાની લડાઈઓ વચ્ચે નિદોષ લોકો હડફેટ ચડતા હોય છે. તાજેતરમાં દ્વારકાધીશ જગત મંદિરના એકઝિટ ગેટ પાસે એક આખલો ભુરાયો થતા એક યાત્રિક હડફેટે આવી જતા ઉલાળિયા થયો હતો અને આબાદ બચાવ થયો હતો. ત્યાજ એક પ્રસાદના કાઉન્ટર ઉથલ પાથલ કરી નાખ્યું હતું.જગત મંદિરે દર્શનાર્થે જતા યાત્રિકો આખલાની ધમાલ ચકરી જોઈ ભયભીત થયા હતા. શહેરમાં રોજે રોજ ઠેક ઠેકાણે આખલાઓ ધમાલ મચાવે છે. પાલિકાના નિર્ભર અધિકારીઓને ધ્યાનમાં આવે છે.? કે નહી? તેવા સવાલો ઉઠ્યા છે. વિવિઆઈપીઓ તેમજ તહેવાર સમયે કલેકટર કચેરીએથી શહેરમાં રખડતા ઠોરને પકડવાના સુચનો આદેશો થાય ત્યારેજ રખડતા આખલાઓને પકડવાની કામગીરી પાલીકા તંત્ર હાથ ધરતું હોય છે.વિઆઈપીઓ તેમજ તહેવાર જતા રહે ત્યારબાદ ડબ્બે પુરેલ આખલાઓને પાછા શહેરમાં છુટા દોર મુકી દેવાના કિસ્સો તાજેતરમાં સામે આવ્યા છે. હોળીના તહેવારમાં પકડેલા આખલાઓને પાલિકા તંત્રએ શહેમાં છોડી મુકતા ઠેર ઠેર જગ્યાઓ પર આખલા તોફાને ચડતા નજરે પડે છે. જગત મંદિર પાસે આખલો ભુરાયો થયો તે પણ સીસીટીવી ફુટેજનો વિડીયો વાયરલ થયો છે. યાત્રાધામ દ્વારકામાં દરરોજ હજારો યાત્રિકો ભગવાન દ્વારકાધીશના દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે રખડતા પશુઓથી યાત્રિકો અને સ્થાનિકોની સલામતી જોખમી બની છે. જીલ્લા કલેકટર દ્વારા શહેરમાં રખડતા આખલાઓને ડબ્બે પુરવા પાલિકાતંત્રને આદેશ કરશે કે નહી? દ્વારકા હેરીટેજ સ્માર્ટસિટીના ધજાગરા થતા હોય એવા દ્રશ્યો શહેરમાં જોવા મલે છે.

# વેરાવળ-પ્રાંચી રોડ ઉપર અકસ્માતમાં આધેડનું મૃત્યુ નીપજતા અરેરાટી પ્રસરી ગયેલ છે

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૫

સોમનાથ સાનિધ્યે કર્મકાંડ કરતા નિમેશભાઈ પાઠક તથા અલ્પશેભાઈ જોષી બન્ને કામકાજ અર્થે ઉના ગયેલ હતા અને મોડી સાંજે ઘરે પરત એકટીવા મોટર સાયકલ નં. જી.જે. ૨૭ એ.સી. ૭૪૯૫ માં આવી રહેલહતા. તે સમયે સુંદરપરા ગામના પાટીયા નજીક એકટીવા મોટર સાયકલ ના ચાલક નિમેશભાઈ પાઠકે કાબુ ગુમાવતા એકટીવા સ્લીપ થઈ ગયેલ હતુંજેના કારણે પાછળ બેસેલા અલ્પેશભાઈ જોષી ને ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર જ કમકમાટી ભર્યુ મૃત્યુ નીપજેલ હતું. આ અકસ્માતની જાણ થતા તેમના પરીવારજનોએ ઘટના સ્થળે દોડી જઈ બન્ને ને હોસ્પીટલે ખસેડેલ હતા. આ અકસ્માત અંગે પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરેલ છે.

# મહિલાઓ નથી જાણતી કે તેમના મિલકત સંબંધિત શું છે અધિકારો? મળે છે આટલા મહત્વના હક્ક




માત્ર લગ્નમાં છોકરીને પૂરતું દહેજ આપવામાં આવે છે, તેનો અર્થ એ નથી કે તેણીની તેના પરિવારની મિલકત પર પોતાનો અધિકાર ગુમાવે છે. આ વાત બોમ્બે હાઈકોર્ટની ગોવા બેંચનું કહેવું છે. ભારતમાં છોકરીઓનો ઉછેર એવી રીતે કરવામાં આવે છે કે લગ્ન પહેલાં તેમને શીખવવામાં આવે છે કે તેમનું પોતાનું ઘર કોઈ બીજું હશે અને લગ્ન પછી બતાવવામાં આવે છે કે તે કોઈ બીજા ઘરમાંથી આવી છે. આ બે વાર્તાઓ વચ્ચે ફસાયેલી, ઘણી સ્ત્રીઓને તેમના નાણાકીય અને સંપત્તિના અધિકારો ખબર નથી. આ લેખમાં આપણે જાણીશું કે મિલકતમાં સ્ત્રીને કયા અધિકારો છે.

### વૈવાહિક સંપત્તિ પર મહિલાઓનો અધિકાર

આના બે પાસાં છે. પ્રથમ જો મિલકત સ્વ હસ્તગત કરવામાં આવી હોય. આ કિસ્સામાં જો કોઈ વ્યક્તિ કોઈપણ વસિયત વિના મૃત્યુ પામે છે, તો સંપત્તિ તેના પુત્ર અને પુત્રીઓમાં સમાન રીતે વહેંચવામાં આવશે. આ સાથે જો મૃત્યુ પામેલ વ્યક્તિના પતિ કે પત્ની જીવિત હોય અથવા તેમની માતા હોય તો તેમને પણ મિલકત પર હક્ક મળશે તે વ્યક્તિને મળશે, તેના પર અન્ય કોઈ અધિકારનો ઉપયોગ કરી શકશે નહીં.

બીજું પાસું પૈતૃક મિલકતનું છે. પૈતૃક સંપત્તિ પરનો અધિકાર જન્મથી જ નિશ્ચિત છે. હિંદુ ઉત્તરાધિકાર અધિનિયમ, ૧૯૫૬ માં, પ્રથમ ઘરમાં જન્મેલા પુત્રોને મિલકતનો અધિકાર મળ્યો હતો, પુત્રીઓને પરિવારના સભ્યો તરીકે ગણવામાં આવતા હતા, જેમના ભરણપોષણની જવાબદારી પરિવારની હતી. લગ્ન પછી પરિવારમાં પુત્રીનું સભ્યપદ સમાપ્ત થઈ જશે અને તેના ભરણપોષણની જવાબદારી તેના સાસરિયાંઓની રહેશે. ૨૦૦૫માં કાયદો બદલવામાં આવ્યો હતો.

એક ઘરમાં જન્મેલા પુરુષ અને સ્ત્રીને તે પરિવારની પૈતૃક સંપત્તિમાં સમાન અધિકાર છે. પરિણીત પુત્રી અને દત્તક લીધેલા બાળકને પણ સમાન અધિકાર આપવામાં આવ્યો છે. હવે એક ઘરમાં જન્મેલા સ્ત્રી-પુરુષને તે પરિવારની પૈતૃક સંપત્તિમાં સમાન અધિકાર છે. પુત્ર કે પુત્રી બંને પરિવાર પાસેથી પોતાનો હિસ્સો માંગી શકે છે. પૈતૃક મિલકત માટે વિલ બનાવી શકાશે નહીં. જો કોઈ વ્યક્તિ વારસદાર વિના મૃત્યુ પામે છે, તો તેની મિલકત તેના ભાઈ-બહેન અને તેમના બાળકો વચ્ચે વહેંચવામાં આવે છે. દત્તક લીધેલા બાળકને પણ પૈતૃક સંપત્તિમાં સમાન અધિકાર છે. જો કે, વ્યક્તિની પત્ની અથવા પતિને પૈતૃક સંપત્તિમાં કોઈ અધિકાર નથી.

### સાસરીની મિલકત પર મહિલાઓનો અધિકાર

અહીં પણ બે પાસાં છે. પ્રથમ જો મિલકત પતિની કમાણી હોય. આ કિસ્સામાં, પત્ની ક્લાસ વન એરમાં આવે છે. ક્લાસ વન એરમાં પત્ની, બાળકો, માતા આવે છે. જો કોઈ વ્યક્તિ વસિયત વિના મૃત્યુ પામે છે, તો તેની મિલકત તેના તમામ વર્ગોમાં એક વર્ષમાં સમાન રીતે વહેંચવામાં આવે છે. પરંતુ જો તે વ્યક્તિ વસિયતમાં કોઈને પોતાનો વારસદાર બનાવે તો તે મિલકત તેના વારસદારને જ જશે.

બીજું પાસુંએ છે કે જો મિલકત પૈતૃક હોય અને પતિનું મૃત્યુ થાય તો તે મિલકતમાંથી સ્ત્રીને કોઈ હિસ્સો નહીં મળે. જો કે, તેણીને સાસરિયાંના ઘરમાંથી કાઢી મુકી શકાતી નથી અને તેના પતિના મૃત્યુ પછી, સાસરિયાંઓએ મહિલાને ભરણપોષણ ચૂકવવું પડશે. કોર્ટ નક્કી કરે છે કે આ ભરણપોષણ કેટલું હોવું જોઈએ. મહિલા અને તેના સાસરિયાઓની આર્થિક સ્થિતિ અનુસાર.જો મહિલાને સંતાનો હોય તો તેમને પિતાના હિસ્સાની સંપૂર્ણ મિલકત મળશે. વિધવા મહિલાને તેના સાસરિયાંઓ તરફથી જ્યાં સુધી તે ફરીથી લગ્ન ન કરે ત્યાં સુધી ભરણપોષણ આપવામાં આવશે.

### સ્ત્રીધન પર અધિકારો

સ્ત્રીને લગ્ન પહેલાં, લગ્નમાં અને લગ્ન પછી જે કંઈ પણ રોકડ, દાગીના કે સામાન ભેટ તરીકે મળે છે, તે બધા પર સ્ત્રીનો સંપૂર્ણ અધિકાર છે. હિંદુ ઉત્તરાધિકાર ધારાની કલમ ૧૪ અને હિંદુ મેરેજ એક્ટની કલમ ૨૭ આ અધિકારો આપે છે. જો તેણીને આ અધિકારથી વંચિત રાખવામાં આવે છે, તો મહિલા ઘરેલુ હિંસા અધિનિયમની કલમ ૧૯છ હેઠળ પોલીસમાં ફરિયાદ કરી શકે છે. હિંદુ ઉત્તરાધિકાર અધિનિયમ અને હિંદુ મેરેજ એક્ટના નિયમો હિંદુ, બૌદ્ધ, જૈન અને શીખ સમુદાયોને લાગુ પડે છે. મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને પારસીઓ માટે અલગ કાયદા છે.

શરિયામાં સ્વ-સંપાદિત અને પૂર્વજોની મિલકત વચ્ચે કોઈ તફાવત નથી. મુસ્લિમ પર્સનલ લૉ હેઠળ, જો કોઈ દંપતિને સંતાન હોય તો પત્નીને પતિની મિલકતના ૧/૮મા ભાગનો અધિકાર રહેશે. બાળક ન હોવાના કિસ્સામાં, તેને એક ચતુર્થાંશ શેર પર અધિકાર મળશે. તેવી જ રીતે, જો મુસ્લિમ મહિલાના માતા-પિતા મૃત્યુ પામે છે, તો તેને પણ તેમની સંપત્તિમાં હક મળશે. જો કે, તેની સત્તા તેના ભાઈઓ કરતાં અડધી હશે. આ સાથે લગ્ન સમયે દહેજની રકમ પણ નક્કી કરવામાં આવે છે. પતિએ આ રકમ પત્નીને આપવાની હોય છે. આના પર પત્નીનો સંપૂર્ણ અધિકાર છે.

# RTE માટે ૩૦મી માર્ચથી ૧૧મી એપ્રિલ દરમ્યાન અરજી થઈ શકશે

## ધોરણ ૧માં પ્રવેશ મેળવવા માટે બાળકની ઉંમર ૩૧ મે, ૨૦૨૩ના રોજ ૬ વર્ષ પૂર્ણ હોવી જરૂરી છે

ગાંધીનગર, તા.૨૫

પોતાના બાળકને આરટીઈ હેઠળ ખાનગી શાળામાં પ્રવેશ અપાવવા માટે ગરીબ અને મધ્યમવર્ગના વાલીઓ દર વર્ષે આતુરતાથી રાહ જોતા હોય છે. વાલીઓની આ આતુરતા બસ હવે પૂર્ણ થવાની તૈયારીમાં જ છે. રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત પ્રવેશ માટે અરજી કરવાની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. દરેક માતા-પિતાની ઈચ્છા હોય છે કે તેમના સંતાનોને ઉત્તમ શિક્ષણ મેળવી શકે. જો કે કેટલાક પરિવારની આર્થિક પરિસ્થિતિના કારણે તેમના બાળકો સારી શાળામાં પ્રવેશ ન મળતા તેઓ મુંઝવણ અનુભવતા હોય છે. આ માટે રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશનનો કાયદા હેઠળ કોઈપણ બાળક ધોરણ ૧થી ૮માં વિનામૂલ્યે ખાનગી શાળામાં ભણી શકે છે. બાળકોને પ્રાઈવેટ શાળાઓમાં સરકારના ખર્ચે ભણાવી શકાઈ છે. આ માટે ઓનલાઈ ફોર્મ ભરવાનુ હોય છે. દેશના દરેક બાળકને શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર છે જેથી ખાનગી શાળાઓમાં કેટલીક સીટો આરટીઈ હેઠળના બાળકો માટે અનામત રાખવામાંઆવે છે. આ માટે ઓનલાઈનફોર્મ ભરવાની તારીખજાહેરકરવામાં આવી છે. રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ માટે વાલીઓએ તારીખ ૩૦મી




માર્ચથી ૧૧મી એપ્રિલ દરમ્યાન અરજી કરવાની રહેશે. આ ઉપરાંત મહત્વની બાબત એ છે કે ધોરણ ૧માં પ્રવેશ મેળવવા માટે બાળકની ઉમર ૩૧મે ૨૦૨૩ના રોજ ૬ વર્ષ પૂર્ણ થઈ ગઈ હોવી જરૂરી છે. વાલીઓએ આરટીઈ માટેનું ફૉર્મ ઓફિસિયલ વેબસાઈટ ઉપરથી ભરવાનું રહેશે. વેબસાઈટ **rte.orpgujarat.com** છે. વેબસાઈટ ઉપર ફોર્મ ભરતી વખતે જરૂરી તમામ આધાર પુરાવા રજૂ કરવાના રહેશે.

# ગૌતમ અદાણીને એક સપ્તાહમાં રૂા.૩૦૦૦ કરોડનું નુકસાન સંપત્તિમાં ૬૦ ટકાનો ઘટાડો : રિપોર્ટ

નવી દિલ્હી, તા.૨૫

અદાણી ગ્રુપના માલિક ગૌતમ અદાણીએ છેલ્લા વર્ષની તુલનાએ ૨૮ અબજ ડૉલર અથવા ૨૦૨૨માં દર અઠવાડિયે સરેરાશ રૂા.૩૦૦૦ કરોડનું નુકસાન થયું અને હાલ પ્રકાશિત **M3M** હુરૂન ગ્લોબલ રિચ લિસ્ટ ૨૦૨૩ અનુસાર હિન્ડનબર્ગના જાન્યુઆરીના નાણાંકીય ગોટાડાના આરોપના અહેવાલને કારણે તેમની સંપત્તિ ટોચ ઉપરથી ૬૦ ટકાથી વધુ ઘટી ગઈ જ્યારે તેઓ વિશ્વના બીજા સૌથી ધનિક વ્યક્તિ હતા. અદાણીએ ચીનના અબજોપતિ ઝોંગ શાનશાન પાસેથી બીજા સૌથી અમીર એશિયનનો ખિતાબ પણ ગુમાવ્યો છે. જે બેવરેજ કંપનીના સ્થાપક અને




બાયો-ફાર્મસી એન્ટરપ્રાઈઝના મોટાભાગના માલિક છે. વધુમાં અદાણીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન મુકેશ અંબાણીએ પછાડી દીધા છે,જેમણે હુરૂન રિચ લિસ્ટ અનુસાર ગયા વર્ષે **$21** બિલિયન ગુમાવ્યુંહતું. અંબાણી જેણે સતત ત્રીજા વર્ષે વિશ્વના સૌથી ધનાઢ્ય એશિયન વ્યક્તિનું બિરૂદ જાળવી રાખ્યું છે, ત્યારબાદ અદાણી અને સીરમ ઈન્સ્ટિટ્યૂટના સાયરસ પૂનાવાલા **$28** બિલિયન સાથે છે. હિન્ડનબર્ગના અહેવાલ પછી અદાણીના શેરોમાં ઘટાડો થતાં ગુજરાતના દિગ્ગજ ટાયકૂનની સંપત્તિ સપ્ટેમ્બર ૨૦૨૨માં **$150** બિલિયનની ઊંચી સપાટીથી ઘટીને **$53** અબજ થઈ હતી અને તેને ફોર્બ્સની વૈશ્વિક અમીરોની યાદીમાં ટોચના ૩૫માંથી બહાર કરી દીધા. તેમના સમૂહને અંદાજે **$120** બિલિયનનું નુકસાન થયું હતું. સર્વે અનુસાર ૨૬૯ ઓછા પરંતુ કોવિડ પહેલાના સ્તરોથી વધુ ૩૧૧૨ અબજોપતિ છે. જો કે, વિશ્વએ પણ ૨૦૨૨માં દર અઠવાડિયે પાંચ અબજોપતિ ગુમાવ્યા, જેના કારણે વૈશ્વિક સંપત્તિમાં આશરે ૧૦ ટકાનો ઘટાડો થઈને આશરે **$13.7** ટ્રિલિયન થઈ ગયો. ભારતમાં ૪૧ અબજોપતિઓ છે જેમણે વર્ષમાં એક અબજ ડૉલરથી વધુનું નુકસાન કર્યું છે, જ્યારે ચીન અને યુનાઈટેડ સ્ટેટ્સમાં અનુક્રમે ૧૭૮ અને ૧૨૩ અબજપતિઓ છે. છેલ્લા વર્ષમાં ૧ બિલિયન ડૉલર કે તેથી વધુ ઉમેરનારા અબજોપતિઓની દૃષ્ટિએ ભારત છઠ્ઠા ક્રમે આવે છે.

# તૃણમૂલ કોંગ્રેસે અદાણીની ધરપકડની માંગ કરી



નવી દિલ્હી તા.૨૫

વિરોધ પક્ષો અદાણી જૂથ દ્વારા કથિત ગેરરીતિઓ સામે સંયુક્ત સંસદીય સમિતિની તપાસ અને જૂથના અધ્યક્ષ ગૌતમ અદાણીને કેન્દ્રના કથિત સંરક્ષણ કવચ માટે જવાબ માંગતી તેમની માંગમાં અડગ છે, ત્યારે તૃણમૂલ કોંગ્રેસે આ ઉદ્યોગપતિની ધરપકડ કરવાની માંગ કરી હતી. ટીએમસીના સંસદસભ્ય મહુઆ મોઈત્રાએ આરોપ લગાવ્યો છે કે, આ મામલે કેન્દ્રના વલણને વળગી રહીને, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) અને સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (સીવીસી) જેવા નિયમનકારી સત્તાવાળાઓએ આંખ આડા કાન કર્યા છે. ટીએમસીએ ધ્યાન દોર્યું છે કે આ સરકાર ભારતના દરેક નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન કરીને અદાણી જૂથ અને તેની સાથે સંકળાયેલ સાહસોને વર્ચ્યુઅલ ઈજારો આપી રહી છે. સેબી, સીવીસી અને અન્ય તમામ નિયમનકારોએ શક્ય દરેક ક્ષેત્રમાં નિયમોના સ્પષ્ટપણે ઉલ્લંઘન તરફ આંખ આડા કાન કર્યા છે. મોઈત્રાએ પક્ષ દ્વારા પ્રસારિત કરવામાં આવેલા એક વીડિયો સંદેશમાં જણાવ્યું હતું કે, અદાણીએ આ દેશના બંદરો અને એરપોર્ટ ઉપર કબજો કરી લીધો છે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ છે જેને ગૃહ મંત્રાલયની મંજૂરીની જરૂર હોય છે અને અદાણી જૂથ મોરેશિયસ સ્થિત ભંડોળ સાથે સંપૂર્ણ અપારદર્શક શેરહોલ્ડર માળખું હોવા છતાં આવું કરવામાં આવ્યું છે. આ સિવાય સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાનું આ ગ્રુપમાં રૂા.૨૭,૦૦૦ કરોડનું એક્સપોઝર છે. ભારતીય જીવન વીમા નિગમનું આ જૂથમાં રૂા.૪૦,૦૦૦ કરોડથી વધુનું એક્સપોઝર છે. અને વિપક્ષે કરેલી ફરિયાદો ઉપર નિયામકો કોઈ પગલાં લઈ રહ્યા નથી. અમે આ ઘૃણાસ્પદ કેસમાં તેના ઉકેલ માટે અને સંભવિત દરેક કાયદાના ભંગ બદલ અમે અદાણીની ધરપકડની માંગ કરીએ છીએ. પાર્ટીના ઓફિશિયલ ટ્વિટર હેન્ડલ પરથી હેશટેગ **ArrestAdani** સાથેના ટ્વિટ ઉપર પણ આ માંગણી કરવામાં આવી હતી. મોઈત્રાએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે, છેલ્લા ત્રણ વર્ષમાં અદાણી જૂથના નફામાં વધારો માત્ર અને માત્ર આ કેન્દ્ર સરકારની નિકટતાના ગેરવાજબી લાભને કારણે થયો છે. સરકારે દરેક નિયમનું ઉલ્લંઘન કર્યું છે, અદાણીના સ્પર્ધકોને ડરાવવા માટે એજન્સીઓનો ઉપયોગ કર્યો છે જેથી મિસ્ટર અદાણી એક એવું સામ્રાજ્ય ઉભું કરે જે મૂળભૂત રીતે અફવા ઉપર આધારિત હોય. તે તેના શેરની કિંમતો માટે પંપ અને ડમ્પ પોલીસીનો ઉપયોગ કરી રહી છે અને તેના શેરોનું ઓવરવેલ્યુએશન કર્યું છે જેના પછી તેણે વિદેશી રોકાણકારોને આ વેલ્યુએશનમાં રોકાણ માટે આવવાની મંજૂરી આપી છે. જાન્યુઆરીથી તેમના કેટલાક શેરોમાં ૬૦-૭૦ટકાનો ઘટાડો થયો છે અને નિયમનકારોએ તેને રોકવા માટે કંઈ કર્યું નથી. ભારતીય જાહેર કંપનીઓએ અદાણીના શેરોમાં રોકાણ કર્યું છે. તેના લીધે ભારતીય રિટેલ રોકાણકારો પીડિત છે અને આ સરકાર મિસ્ટર અદાણી સાથે હાથ મિલાવી રહી છે અને અમે બેસીને જોઈ રહ્યા છીએ. અમે અમારી માંગને પુનરાવર્તિત કરીએ છીએ કે સરકારે ઝડપી પગલાં લેવા જોઈએ અને અદાણીની ધરપકડ કરવી જોઈએ.

# ભારતે UK હાઈ કમિશનની બહાર સુરક્ષા અવરોધો હટાવી લીધા; શું આગામી સમયમાં અમેરિકી દૂતાવાસ માટે પણ સમાન પગલાં લેવામાં આવશે ?

નવી દિલ્હી, તા.૨૫

લંડનમાં શીખ પ્રદર્શનકારીઓ દ્વારા ભારતીય હાઈ કમિશન ઉપરના ધ્વજને હટાવ્યાના ત્રણ દિવસ પછી, જવાબી કાર્યવાહી તરીકે ભારતે યુકે હાઈ કમિશન અને બ્રિટિશ હાઈ કમિશનરના નિવાસસ્થાનની બહારના સુરક્ષા અવરોધો દૂર કર્યા છે. રવિવારે, લંડનમાં હાઈ કમિશન ખાતે ભારતીય ધ્વજને ખાલિસ્તાન તરફી પ્રદર્શનકારી દ્વારા નીચે ઉતારવામાં આવ્યો હતો. ભારતે તેનો વિરોધ નોંધાવવા માટે યુકેના ડેપ્યુટી હાઈ કમિશ્નરને ભારતમાં બોલાવ્યા અને બ્રિટિશ સરકાર ઉપર રાજદ્વારી પરિસરની સુરક્ષા પ્રત્યે ઉદાસીનતાનો આરોપ મૂક્યો હતો. સોમવારે, યુકેમાં ભારતીય હાઈ કમિશ્નર વિક્રમ ડોરાઈસ્વામીએ સંબંધિત ભારતીય સમુદાયના નેતાઓ સાથે વાતચીત કરી હતી અને હાઈ કમિશન ઉપરના હુમલા બાદ તેમની એકતાની પ્રશંસા કરી હતી. એક દિવસ પછી, દોરાઈસ્વામીએ પંજાબની સ્થિતિ અને અમૃતપાલ સિંહની ધરપકડના પ્રયાસો વિશે એક વીડિયો જારી કર્યો હતો. ૨૧ માર્ચે શીખ જૂથો દ્વારા ભારતીય ધ્વજ નીચે ઉતારવાના વિરોધમાં કેટલાક ભારતીયો લંડનમાં ભારતીય હાઈ કમિશન પાસે એકઠા થયા હતા. હુમલાના ત્રણ દિવસ પછી, ૨૨ માર્ચે, ચાણક્યપુરીમાં યુકે હાઈ કમિશનના ગેટની બહાર વાહનોની અવરજવરને પ્રતિબંધિત કરતા લાંબા કોંક્રિટ બ્લોક્સ દૂર કરવામાં આવ્યા હતા. તેવી જ રીતે, રાજાજી માર્ગમાં યુકે હાઈ કમિશ્નરના નિવાસસ્થાને કોઈ અવરોધો ન હતા. ભારતે ભૂતકાળમાં પણ આવું પગલું ભર્યું હતું જ્યારે ૨૦૧૩માં અમેરિકી દૂતાવાસની બહાર જાહેરમાં સુરક્ષા અવરોધો હટાવવા માટે ક્રેન્સ આવી હતી. તે સમયે ભારતીય રાજદ્વારી દેવયાની ખોબ્રાગડેની ભારતમાંથી ઘરેલુ કામદાર સાથે કથિત દુર્વ્યવહાર કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી અને તેને વિઝા ફ્રોડના આરોપોનો સામનો કરવો પડ્યો હતો. યુકે હાઈ કમિશન સામે લેવાયેલા ટિટફોર-ટેટ પગલા ઉપર વિદેશ મંત્રાલય તરફથી કોઈ સત્તાવાર પ્રતિસાદ મળ્યો નથી. બ્રિટિશ હાઈ કમિશનના પ્રવક્તાએ કહ્યું કે, અમે સુરક્ષાના મામલાઓ ઉપર ટિપ્પણી કરી શકતા નથી. હાલમાં લંડનમાં ભારતીય હાઈ કમિશનની બહાર પણ વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, અહેવાલો અનુસાર ત્યાં પોલીસ હાજર હતી. મોટાભાગના દેશોની જેમ, રાજદ્વારી મિશનની બાહ્ય પરિમિતિની સુરક્ષા સ્થાનિક પોલીસ દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે. આકસ્મિક રીતે, ભારતે **MEA**માં બોલાવ્યા પછી સાન ફ્રાન્સિસ્કોના વાણિજ્ય દૂતાવાસના દરવાજા અને બારીઓના નુકસાન અંગે યુએસ ચાર્જ ડી અફેર્સ પાસે વિરોધ નોંધાવ્યો હતો. પરંતુ અમેરિકી દૂતાવાસની બહાર સુરક્ષા અવરોધો હાલ યથાવત છે અને તે જોવાનું રહે છે કે શું ટૂંક સમયમાં આવા સમાન અહી પણ પગલાં લેવામાં આવશે.

# જો દેશમાં લોકશાહી રાખવી હોય તો મીડિયાની સ્વતંત્રતા જાળવવી જ રહી : CJI ચંદ્રચૂડ

નવી દિલ્હી તા.૨૫

ડિજિટલ યુગમાં ફેક ન્યૂઝના જોખમો વિષે ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે કહ્યું કે આવા સમાચારો વિવિધ સમુદાયો વચ્ચે તણાવ પેદા કરવાની ક્ષમતા ધરાવે છે. આવા સમાચારો લોકતાંત્રિક મૂલ્યોને પણ જોખમમાં મૂકી શકે છે. આ મુદ્દે ચીફ જસ્ટિસે કહ્યું કે જો પ્રેસને સત્ય બોલતા અટકાવવામાં આવશે તો લોકશાહીની જીવંતતા જોખમ ઉભું થઈ શકે છે. આ ઉપરાંત તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જો દેશને લોકતાંત્રિક બનાવવો હોય તો પ્રેસ સ્વતંત્ર રહેવું જોઈએ. આ ઉપરાંત તેમણે મીડિયા ટ્રાયલનો મુદ્દો પ્રમુખ હોવાનું કહ્યું હતું. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે કહ્યું હતું કે મીડિયા ટ્રાયલના લાંબા ગાળાના પરિણામો આવી શકે છે કારણ કે તે એવી ધારણા બનાવે છે જે અદાલતનો નિર્ણય આવે તે પહેલા જ લોકોની નજરમાં તે વ્યક્તિને દોષિત બનાવી દે છે. જસ્ટિસ ચંદ્રચુડે એમ પણ કહ્યું કે જવાબદાર પત્રકારત્વ સત્યના દીવાદાંડી જેવું છે જે આપણને સારી આવતીકાલનો માર્ગ બતાવી શકે છે. મીડિયા ટ્રાયલના જોખમો ઉપર તેમણે કહ્યું આપણી સિસ્ટમમાં એક મુખ્ય મુદ્દો મીડિયા દ્વારા ટ્રાયલ છે. કોઈપણ વ્યક્તિ ત્યાં સુધી નિર્દોષ છે જ્યાં સુધી કોર્ટ તેને દોષિત જાહેર કરે નહીં. આ કાયદાકીય પ્રક્રિયાનું એક મહત્વપૂર્ણ પાસું છે. મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે હાલના સમયમાં ફેક ન્યૂઝ પ્રેસની સ્વતંત્રતા અને નિષ્પક્ષતા માટે ગંભીર ખતરો છે. રિપોર્ટિંગની પ્રક્રિયા દરમ્યાન કોઈપણ પક્ષપાત કે પૂર્વગ્રહને દૂર રાખવાની પત્રકારો તેમજ હિતધારકોની સામૂહિક જવાબદારી છે. ફેક ન્યૂઝ એક સાથે લાખો લોકોને ગેરમાર્ગે દોરી શકે છે અને તે લોકશાહીના મૂળભૂત સિદ્ધાંતોની વિરૂધ્ધ હશે જે આપણા અસ્તિત્વનો પાયો બનાવે છે.

# ૩ એપ્રિલે લેવાનારી ગુજકેટની હોલ ટિકિટ વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે

## શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટ આપનારા ૧.૩૦ લાખ જેટલા વિદ્યાર્થીઓની હોલ ટિકિટ વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવી

અમદાવાદ, તા.૨૫

શિક્ષણ બોર્ડ દ્વારા ઈજનેરી- ફાર્મસી કોલેજમાં પ્રવેશ માટે લેવાનારી ગુજકેટની હોલ ટિકિટ વિદ્યાર્થીઓ અને સ્કૂલો વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકશે. બોર્ડ દ્વારા તમામ ૧.૩૦ લાખ જેટલા વિદ્યાર્થીઓની હોલ ટિકિટ અપલોડ કરી દેવામાં આવી છે. આ વખતે બોર્ડ દ્વારા ઓનલાઈન માધ્યમથી જ હોલ ટિકીટ આપવાનું નક્કી કરાયું છે. ૩ એપ્રિલે લેવાનારી ગુજકેટ વખતે વિદ્યાર્થીઓએ હોલ ટિકીટની સાથે ફોટો આઈડી પણ સાથે રાખવું પડશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટ-૨૦૨૩ની હોલ ટિકીટ ઓનલાઈન માધ્યમથી મુકવાનો નિર્ણય કર્યો છે. બોર્ડ દ્વારા વેબસાઈટ ઉપર હોલ ટિકીટ અપલોડ કરી દેવામાં આવી છે. જેથી હવે વિદ્યાર્થીઓની હોલ ટિકીટ હવે વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકશે. વિદ્યાર્થીઓ અને સ્કૂલો બોર્ડની વેબસાઈટ ઉપરથી હોલ ટિકીટ ડાઉનલોડ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. સ્કૂલોએ વેબસાઈટ ઉપરથી વિદ્યાર્થીઓની હોલ ટિકીટ ડાઉનલોડ કરીને તમામ વિદ્યાર્થીઓને વિતરણ કરવાની રહેશે. ગુજકેટ માટેની હોલ ટિકીટ ફક્ત ઓનલાઈન માધ્યમથી જ મળશે. આ વખતે ગુજકેટ માટે ૧.૩૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહેશે. જેમાં ૭૫ હજાર જેટલા વિદ્યાર્થી અને ૫૫ હજાર જેટલી વિદ્યાર્થીનીઓ છે. ગુજકેટ માટે રાજ્યમાં ૬૨૬ સ્કૂલોના સાડા છ હજાર કરતા વધુ વર્ગખંડમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણ બોર્ડ દ્વારા ૩ એપ્રિલના રોજ લેવામાં આવનારી ગુજકેટ માટેની હોલટિકીટ ડાઉનલોડ કરવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. જોકે, ગુજકેટની પરીક્ષા આપવા માટે જનારા વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમ્યાન હોલ ટિકીટની સાથે કોઈ પણ એક ફોટો આઈડી પ્રુફ જેમ કે આધાર કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ અથવા તો ધોરણ-૧૨ની પરીક્ષાની હોલ ટિકીટ સાથે લઈને જવાની રહેશે. આમ, બોર્ડની હોલ ટિકીટ સાથે ફોટો આઈડી રાખવા માટે બોર્ડે તાકીદ કરી છે.

# દિલ્હીની મહાપંચાયતમાં ખેડૂતોએ લોકશાહી બચાવવા માટે મોટું ‘આંદોલન’ કરવાની પ્રતિજ્ઞા લીધી

નવી દિલ્હી, તા.૨૫

દિલ્હીના રામલીલા મેદાનમાં સોમવાર, ૨૦માર્ચના રોજ કિસાન મહાપંચાયતમાં નાના મંચ પરથી ખેડૂતોના આગેવાનો નવી ક્રાંતિની શરૂઆત કરી રહ્યા હતા. હજારો ખેડૂતો સ્ટેજ સામે બેસી ગયા હતા. દિલ્હી પોલીસે વિરોધ સમાપ્ત કરવા માટે બપોરે ૩ વાગ્યાનો સમય આપ્યો હતો. આ બેઠકમાં માત્ર ઉત્તર પ્રદેશ, પંજાબ અને હરિયાણાના ખેડૂતો જ ન હતા પણ તમિલનાડુ, તેલંગાણા, આંધ્ર, કર્ણાટક અને બંગાળમાંથી પણ આવ્યા હતા. આ સંયુક્ત કિસાન મોરચા **(SKM)** દ્વારા આયોજિત અખિલ ભારતીય બેઠક હતી.

સ્ટેજ પર રાકેશ ટિકૈતે કહ્યું કે, આપણે એક મોટું આંદોલન કરવાની જરૂર છે, કારણ કે લોકશાહીની હત્યા થઈ રહી છે. ઉત્તર પ્રદેશની ચૂંટણી એ એક ઉત્તમ ઉદાહરણ છે કે કેવી રીતે સત્તાવાર દબાણનો ઉપયોગ જીતવા માટે કરવામાં આવ્યો હતો. આંદોલનો વિના આદેશનો ઉદ્ધાર થશે નહીં. તેઓ લઘુત્તમ ટેકાના ભાવ **(MSP)** ગેરંટી કાયદા અને અમલીકરણની માંગને પુનરાવર્તિત કરી રહ્યા હતા. તેમના ભાષણ પછી ટિકૈતે નિખાલસતાથી કહ્યું કે, અમને વૈચારિક ક્રાંતિની જરૂર છે, નહીં તો દેશ કોર્પોરેશનોને વેચી દેવામાં આવશે, અને ખેડૂતો અને ખેતી બધું કોર્પોરેશનો દ્વારા ચલાવવામાં આવશે. અમે ભારતને બચાવવા માટે લડી રહ્યા છીએ. ટિકૈત પછી, હું ખેડૂતોના નેતા દર્શન પાલને મળ્યો હતો. પાલને આંદોલન પર વિશ્વાસ છે. તેઓ કહે છે કે, બીજા તબક્કામાં આ ત્રીજી કાર્યવાહી છે. પ્રથમ મેમોરેન્ડમ સબમિશન હતું, બીજી રાજ્યોમાં રેલીઓ હતી અને ત્રીજી આ દિલ્હી રેલી હતી. અમે ૨૦ એપ્રિલે બીજી બેઠકનું આયોજન કરી રહ્યા છીએ, જ્યાં અમે રાષ્ટ્રીય કાર્યસૂચિ જાહેર કરીશું. ૨૦૨૪ એ ચૂંટણીનું વર્ષ છે અને ખેડૂતોના આંદોલનને તેના તાર્કિક અંત સુધી લઈ જવાનું છે. ખેડૂતો માટે **MSP** ગેરંટી કાયદા અને દેવા મુક્તિની જરૂર છે. ચૂંટણીનું વર્ષ હોવાથી, અમે કૃષિ સમાજની કેટલીક સમસ્યાઓના ઉકેલ માટે સરકારો અને રાજકીય પક્ષો ઉપર દબાણ લાવી શકીએ છીએ. જ્યારે મેં તેમને **SKM**ના વિભાજન અને વિભાજિત જૂથો વિશે વાત કરી, ત્યારે તેમણે કહ્યું, આ રેલી સંયુક્ત **SKM** રેલી છે. ડબેરીઓ અને અન્ય લોકતાંત્રિક ખેડૂતો અને કામદારોના સંગઠનોએ એકસાથે આવીને કૃષિ સંકટને ઉકેલવા માટે કામ કરવાનું વચન આપ્યું છે. અને જો રાજેવાલ અને અન્ય જૂથો ફરીથી અલગ ન થવાના ઈરાદા સાથે પાછા આવે છે, તો અમે તેમને સ્વીકારીશું. તમામ ખેડૂતોના સંગઠનોનું સ્વાગત છે, જો કે અમે ઈચ્છીએ છીએ કે રાજકીય સંગઠનો ખેડૂતોના સંગઠનોથી અલગ હોવા જોઈએ. ખેડૂત સંઘના નેતા જોગીન્દરસિંહે કહ્યું કે, સરકારનું આ નવું આર્થિક મોડલ અને નીતિ કોર્પોરેટ માટે જ છે ખેડૂતો માટે નહીં. કૃષિ કાયદા રદ કર્યા પછી, સરકાર હવે કૃષિ કાયદાનો અમલ કરવા અને ભારતીય ખેતીને કોર્પોરેટાઈઝ કરવા માટે અન્ય માર્ગો શોધવાનો પ્રયાસ કરી રહી છે. અમે તેને મંજૂરી આપીશું નહીં. અન્ય માંગણીઓ વિશે તેમણે કહ્યું કે, લખીમપુર માટે ન્યાય, **MSP** ગેરંટી કાયદો, વીજળી બિલનું સસ્પેન્શન અને પાવર સેક્ટરનું ડી-કોર્પોરેટાઈઝેશન, ખેડૂતો સામેના કેસ પાછા ખેંચવા, આંદોલનના શહીદો માટે વળતર અને ખેડૂતોના દેવામાં રાહત, આબોહવા સંબંધિત નુકસાન માટે પાક વીમા કવરેજ અને ખેડૂતોનું પેન્શન એ મુખ્ય મુદ્દાઓ છે. પરંતુ સવાલ એ છે કે શું ખેડૂતોનું આંદોલન મજબૂત છે. તેમણે કહ્યું કે, આ ચળવળ સમાન નથી. ત્રણેય કાયદા એક મોટો મુદ્દો હતો અને તેને રદ કર્યા પછી, અન્ય મહત્વાકાંક્ષાઓ ધરાવતા અમુક લોકોના અહંકારને કારણે આંદોલન નબળું પડી ગયું છે. આ એક લોક ચળવળ છે. કેટલાક લોકોની અન્ય રાજકીય મહત્વાકાંક્ષાઓ પણ હતી. અલબત્ત, અમે અમારા અધિકારોની માંગ કરવા માટે ફરીથી જૂથબદ્ધ અને ગઠબંધન બનાવી રહ્યા છીએ. આ ન્યાય માટે આ લાંબી લડાઈ છે. અને અમે તેના માટે તૈયાર છીએ. અખિલ ભારતીય કિસાન સભા **(AIKS)**ના વરિષ્ઠ નેતા અને પૂર્વ સાંસદ હન્નાનમોલ્લાહે કહ્યું કે, આ ફાસીવાદી સરકાર છે. જો અમે તેના પર દબાણ લાવીશું તો જ તે ખેડૂતોની વાત સાંભળશે. સરકારે કહ્યું હતું કે




તે **MSP** ઉપર કાયદો લાવશે અને એક સમિતિ બનાવશે તેને એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે. પરંતુ સમિતિના સભ્યો બધા દલાલ (પાવર બ્રોકર્સ/સ્કીમર) અને ખેડૂત વિરોધી લોકો છે. તેઓ ખેડૂતો સાથે દુર્વ્યવહાર કરે છે, અને તેથી જ અમે સમિતિની બેઠકોમાં ભાગ લીધો ન હતો. સરકાર પાસે ભાજપના પોતાના ખેડૂતોના જૂથો અને નેતાઓને સમિતિમાં રહેવા દેવાનું સૌજન્ય પણ નથી. એકંદરે, તે કોર્પોરેટ-સંચાલિત છે અને વિશ્વ બેંક અને **WTO** (વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન)ની નીતિઓ દ્વારા સમર્થિત છે. તેઓને પૂછ્યું કે તેઓને શું આશા છે ? તો હન્નાનમોલ્લાહે જવાબ આપ્યો કે, તમે કેટલાક લોકોને હંમેશ માટે મૂર્ખ બનાવી શકો છો, પરંતુ તમે બધા લોકોને હંમેશ માટે મૂર્ખ બનાવી શકતા નથી. સત્ય બહાર આવશે અને પછી લોકો જવાબ માંગશે.

# જૂનાગઢ શહેરના અનઅધિકૃત બાંધકામને નિયમીત કરવાની વધુ એક તક : ૪ માસનો વધારો

## રાજ્ય સરકારે મંજૂરી વગરના અનઅધિકૃત બાંધકામને રેગ્યુલાઈઝ કરવા માટેની અરજી કરવાની મુદતમાં ચાર માસનો વધારો કર્યો

જૂનાગઢ, તા.૨૫

અનઅધિકૃત બાંધકામને નિયમીત કરવા માટેની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. તા.૧૬-૬-૨૦૨૩ સુધીમાં અનઅધિકૃત બાંધકામને રેગ્યુલાઈઝ કરવા માટેઅરજી કરી શકાશે. રાજ્ય સરકારે મંજૂરી વગરના અનઅધિકૃત બાંધકામને નિયમીત કરવા માટે ચાર માસનો વધારો કર્યો છે. જેથી બાંધકામ રેગ્યુલાઈઝ કરવાની વધુ એક તક મળી રહેશે.

જૂનાગઢ નગરપાલિકા, મહાનગરપાલિકા, જુડા, ગ્રામ પંચાયત કે તાલુકા પંચાયત મારફત બાંધકામ વિકાસ પરવાનગી મેળવવામાં આવી હોય, પંરતુ તે બાંધકામનું વપરાશ પ્રમાણપત્ર મેળવેલ ન હોયતેવા લોરાઈઝ તથા હાઈરાઈઝ બિલ્ડિંગ, વાણીજય હેતુના બિલ્ડિંગો, હોટલો, રેસ્ટોરન્ટ, વૈધકીય વ્યવસાય કરતાં બિલ્ડિંગ તથા તમામ ખાનગી રહેણાંક વપરાશકારો કે કબજેદારોએ સ્થળ મંજૂરી પરવાનગી કરતા ફેરફાર કે, વધારાનું બાંધકામ હતુ ફેર કરેલ હોય તો બિલ્ડિંગના વપરાશ કારોએ સંયુકત રીતે ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમીત કરવાના વટહુકમ, ૨૦૨૨ અંતર્ગત વધારાનું બાંધકામ અંગે સરકારશ્રી દ્વારા તા.૧૬-૨-૨૦૨૩ સુધીમાં ઓનલાઈન અરજી કરી બિલ્ડિંગ રેગ્યુલાઈઝ કરાવી લેવા જણાવવામાં આવ્યું હતું. પરંતુ હાલમાં સરકાર દ્વારા ઉપરોક્ત વટહુકમમાં તા.૧૬-૨-૨૦૨૩થી ચાર (૪) માસનો વધારો કરવામાં આવ્યો છે એટલે કે, તા.૧૬-૬-૨૦૨૩ સુધીમાં નિયત નમુનામાં જરૂરી આધાર પુરાવા સાથે અરજી કરી પોતાની મિલ્કત રેગ્યુલાઈઝ કરાવી લેવા સૂચિત કરવામાં આવે છે. જે મુજબ બાંધકામ સમય મર્યાદામાં નિયમીત કરવામાં નહી આવે તો મનપા તંત્ર દ્વારા જી.પી.એમ.સી. એકટની જોગવાઈ અનુસાર કાયદાકીય કાર્યવાહી હાથ ધરી અને બાંધકામ વપરાશ બંધ કરવામાં આવશે. તેમ મ્યુનિસિપલ કમિશનરશ્રીની યાદીમાં જણાવાયું છે.

# ભેંસાણ તાલુકામાં ક્ષયરોગ નિવારણ અંગે લોકજાગૃતિ સહ સઘન મોનીટરીંગ

## તાલુકાનાં વાંદરવડ અને હરીપરા ગામે એક પણ પોઝીટીવ કેસ નિરીક્ષણ દરમ્યાન નથી મળ્યો



જૂનાગઢ તા.૨૪

લા-ઈલાજ ગણાતો ક્ષય રોગ આજે આધુનિક સારવાર પદ્ધતિ અને દવાના લીધે સાધ્ય બન્યો છે. દેશને ટી.બી. રોગની ચુંગાલથી બહાર લાવવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ટીબી મુક્ત ભારતનું આહવાન સાથે જ ટીબીના રોગ વિશે એક વ્યાપક જનજાગૃતિ ઉભી થાય તે માટે વિશ્વ ટીબી દિવસથી એક અભિયાન અંતર્ગત જાગૃતી લાવવા જણાવ્યુ છે.

વિશ્વ ટીબી દિવસની ઉજવણી અંતર્ગત ભેંસાણ તાલુકા હેલ્થ ઓફીસર ડો. રેશ્માબેનદલસાણિયા, આરોગ્ય નીરીક્ષક હીતેન્દ્ર નાગાણી, આશિષ જોષી સહિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં ચિકીત્સકો, કોમ્યુનિટી હેલ્થ ઓફીસરો, આરોગ્ય કર્મીઓએ તાલુકામાં લોકજાગૃતિ કેળવાય તે હેતુએ શાળાઓમાં આરોગ્ય લક્ષી જનજાગૃતિ સ્પર્ધાઓ, રેલીઓનું આયોજન કર્યુ હતું. ટીબીના લક્ષણો, સારવાર, નિદાન વગેરેની ગ્રામજનોને વિગતવાર જાણકારી હતી. આરોગ્યતંત્ર દ્વારા ટીબીના દર્દીની ઓળખ કરવા અને ટીબીગ્રસ્ત લોકોની સારવાર માટે આયોજનબદ્ધ રીતે કામગીરી કરવામાં આવી રહી છે. મેડિકલ-પેરા મેડિકલ સ્ટાફ અને આશાબહેનો દ્વારા સતત ટીબીના દર્દીઓનું મોનિટરિંગ-ફોલોઅપ લેવામાં આવી રહ્યં- છે.તેમ ડો.રેશ્માબેન દલસાણિયાએ જણાવ્યું હતું.

# વંથલી તાલુકાના કણઝડી ગ્રામ પંચાયતના ભવનનું લોકાપર્ણ કરાયું

જૂનાગઢ, તા.૨૫

ગ્રામ્ય કક્ષાએ જ લોકોને સરકારની પુરતી સુવિધા મળી રહે તે માટે રાજય સરકાર કટીબધ્ધ છે. અને હવે ગ્રામ્યકક્ષાએજ લોકોનેસુવિધા આપવામાં આવે છે. ત્યારે વંથલી તાલુકાના કણઝડી ગામના લોકોની સુવિધામાં વધારો કરાયો હોય તેમ નવા પંચાયત ભવનનું લોકાપર્ણ કરવામાં આવ્યું છે.

સીડીપી-પ યોજના હેઠળ ગ્રામ પંચાયતના નવા ભવન બનાવવામાં આવે છે. જેમાં જૂનાગઢ જિલ્લાનાં વંથલી તાલુકાના કણઝડી ગ્રામ પંચાયતનું સીડીપી-પ યોજના હેઠળ નવું ભવન બનાવવામાં આવ્યું છે. આ નવીન ભવનને ગ્રામપંચાયતનાં સરપંચ, પંચાયતનાં હોદેદારો તથા સાવજ ડેરીનાં ચેરમેન શ્રી દિનેશભાઈ ખટારીયાની ઉપસ્થિતીમાં લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. આ નુતન પંચાયત ભવન થકી ગ્રામજનોને સરકારની વિવિધ સેવાઓ ગ્રામ્ય કક્ષાએથી જ મળી રહેશે અને સરકારની કલ્યાણકારી યોજનાઓનાં કામ સબબ ગ્રામકક્ષાએ સુવિધામાં વધારો થશે.

# વારાણસી ખાતે વન વર્લ્ડ ટીબી સમિટમાં જૂનાગઢ જીલ્લાએ સિલ્વર મેડલની કેટેગરીમાં સ્થાન મેળવ્યું

## ટીબીના કેસોમાં સારી કામગીરી કરતા જૂનાગઢ જિલ્લાને સિલ્વર મેડલ મળ્યો વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૨ સુધી ટીબીના નવા કેસોમાં ૪૦ ટકાનો ઘટાડો નોંધાયો




જૂનાગઢ, તા.૨૫

વિશ્વ ક્ષય દિન નિમિતે વારાણસી ખાતે વન વર્લ્ડ ટીબી સમિટનું આયોજન થયું હતું. આ સમિટમાં જૂનાગઢ જિલ્લાનાં વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૨ દરમ્યાન ટીબીનાં નવા કેશોમાં ૪૦ ટકા જેવો નોધપાત્ર ઘટાડો જોવા મળેલ જે અનુલક્ષીને જૂનાગઢ જિલ્લાને નેશનલ કક્ષાએ સિલ્વર મેડલ કેટેગરીમાં સામાવેશ કરવામાં આવેલ અને સિલ્વર મેડલ મળેલ છે જેમાં તા.૨૦/૧૨/૨૦૨૨ થી તા.૨૧/૧/૨૦૨૩નાં સમયગાળા દરમ્યાન જૂનાગઢ જિલ્લાનાં ૨૦ ગામોમાં/ કોર્પોરેશન વિસ્તારમાં સબ નેશનલ સર્ટીફીકેટ અંતર્ગત ઘરે ઘરે સર્વેલન્સ કરવામાં આવે છે જેમાં ૧૦૦૦૪ ઘર, ૩૮૨૦૨ વ્યક્તિઓનું સર્વેલન્સ કરવામાં આવ્યું છે. અને ૧૧૭૭ સ્પુટમ સેમ્પલ કલેકશન કરવામાં આવ્યા છે. જેને અતિ આધુનિક જીન એક્સપર્ટ મોલેક્યુલર ટેસ્ટ દ્વારા તપાસ કરવામાં આવી છે. જેમાં કોઈપણ નવો કેશ નોંધાયેલ ન હતો. જે હકિકત ને અનુલક્ષીને સેન્ટ્રલ ટીબી ડીવીઝન દ્વારા ધારા ધોરણને પૂર્તતા કરતાં હોય અને આ સમગ્ર કામગીરીનું સુપરવિઝન અને મોનીટરીંગ તાલુકા અને જિલ્લા કક્ષાનાં અધિકારી અને ડબ્લ્યુ. એચ.ઓ.નાં કન્સલ્ટન્ટનાં માર્ગદર્શનહેઠળ કરવામાં આવેલ હતું.

આ તમામ કામગીરી જૂનાગઢજિલ્લાના કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીનાં સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતી. જૂનાગઢ જિલ્લાનાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા ક્ષય અધિકારી, જિલ્લાનાં પ્રોગ્રામ ઓફિસર, તમામ તાલુકા આરોગ્ય અધિકારી, મેડીકલ ઓફિસર, કોમ્યુનીટી હેલ્થ ઓફિસર, સુપરવાઈઝર, જિલ્લા ક્ષય કેન્દ્ર સ્ટાફ, તાલુકા કક્ષાનાં ટીબી સુપરવાઈઝર, ટીબીહેલ્થવિઝીટર, મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર, ફીમેઈલ હેલ્થ વર્કર, ફાર્માસીસ્ટ અને લેબ ટેકનીશિયનતેમજ આશા બહેનો વેગેરેનાં અથાગ પરીશ્રમનાં ફળ સવરૂપે આ મેડલ પ્રાપ્ત થયો છે.

# ગુજરાતમાં સ્ટાર્ટઅપની નોંધણીમાં છેલ્લા બે વર્ષમાં ૧૬૦%નો ઉછાળો

## વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યમંત્રીનો રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીને પ્રત્યુત્તર



અમદાવાદ, તા.૨૫

ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં સ્ટાર્ટઅપ્સની નોંધણીમાં ૧૬૦%નો ઉછાળો જોવા મળ્યો છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૦માં ૮૭૩ કંપનીઓને સ્ટાર્ટઅપ તરીકે માન્યતા પ્રાપ્ત હતી, જે સંખ્યા વર્ષ ૨૦૨૨માં ૨,૨૭૬ કંપનીઓ સુધી પહોંચી હતી. રાષ્ટ્રીય સ્તરે, ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) દ્વારા સ્ટાર્ટઅપ્સ તરીકે માન્યતા પ્રાપ્ત કંપનીઓની સંખ્યા ૨૦૨૦માં ૧૪,૪૯૮ થી વધીને ૮૩%નો વધારા સાથે ૨૦૨૨ માં ૨૬,૫૪૨ થઈ. વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યમંત્રી સોમ પ્રકાશે રાજ્યસભામાં ૨૪ માર્ચ, ૨૦૨૩ના રોજ સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં આ માહિતી ઉપલબ્ધ બનાવી હતી.

ગૃહમાં રજૂ કરવામાં આવેલી માહિતી અનુસાર, ગુજરાત રાજયમાં DPIIT દ્વારા સ્ટાર્ટઅપ તરીકે માન્યતા પ્રાપ્ત કંપનીઓની સંખ્યા ૨૦૨૦ માં ૮૭૩, ૨૦૨૧ માં ૧,૭૦૩ અને ૨૦૨૨ માં ૨,૨૭૬ હતી, જ્યારે ગુજરાતમાંથી ૫૯૨ કંપનીઓને ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ સુધી સ્ટાર્ટઅપ તરીકે માન્યતા આપવામાં આવી છે– એટલે કે સ્ટાર્ટઅપ્સ તરીકે માન્યતા પ્રાપ્ત કંપનીઓની કુલ સંખ્યા ૫,૪૪૪ કંપનીઓ સુધી પહોંચી છે. રાષ્ટ્રીય સ્તરે, DPIIT દ્વારા માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સની સંખ્યાના સંદર્ભમાં ગુજરાત તમામ રાજયોમાં પાંચમા ક્રમે છે.

૨૦૧૬માં સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલ શરૂ થઈ ત્યારથી, ડીપીઆઈઆઈટીએ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીમાં ૯૨,૬૮૩ એકમોને સ્ટાર્ટઅપ તરીકે માન્યતા આપી છે. ખાસ કરીને છેલ્લા ત્રણ વર્ષમાં (૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૨) અને વર્તમાન વર્ષમાં (૨૮મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ), કુલ ૬૭,૨૨૨ કંપનીઓને DPIIT દ્વારા સ્ટાર્ટઅપ તરીકે માન્યતા આપવામાં આવી છે, મંત્રીના નિવેદન અનુસાર. સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન, સેક્ટર મુજબ, IT સર્વિસીમાં સૌથી વધુ ૭,૫૮૭ સ્ટાર્ટઅપ્સ નોંધાયા છે, ત્યારબાદના ક્રમે ૬,૪૫૯ સાથે હેલ્થકેર અને લાઈફસાયન્સ અને ૪,૧૬૪ સ્ટાર્ટઅપ્સ નોંધણી સાથે શિક્ષણ આવે છે.

પરિમલ નથવાણીએ છેલ્લા ત્રણ વર્ષમાં અને ચાલુ વર્ષમાં દેશમાં નોંધાયેલા સ્ટાર્ટ-અપ્સની સંખ્યા, તે જ સમયગાળા દરમ્યાન યુનિકોર્ન બનેલા સ્ટાર્ટ-અપ્સની સંખ્યા અને દેશમાં સ્ટાર્ટ-અપ કલ્ચરને પ્રોત્સાહન આપવા સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં વિશે માહિતી ઉપલબ્ધ બનાવવા વિનંતી કરી હતી.

નિવેદન મુજબ, સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલ હેઠળ, સરકાર દેશમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના વિકાસ અને વૃદ્ધિ માટે સતત વિવિધ પ્રયાસો હાથ ધરે છે. વધુમાં ઉમેર્યું હતું કે, ફ્લેગશિપ સ્કીમ્સ જેમ કે, ફંડ ઓફ ફંડ્સ ફોર સ્ટાર્ટઅપ્સ (FFS), સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડ સ્કીમ (SISFS) અને ક્રેડિટ ગેરંટી સ્કીમ ફોર સ્ટાર્ટઅપ્સ (CGSS) સ્ટાર્ટઅપ્સને તેમની બિઝનેસ સાઈકલના વિવિધ તબક્કામાં સપોર્ટ કરીને એક એવા સ્તર સુધી પહોંચવામાં મદદ કરે છે જ્યાં તેઓ એન્જલ ઈન્વેસ્ટર્સ અથવા વેન્ચર કેપિટાલિસ્ટ્સ પાસેથી ભંડોળ ઊભું કરી શકે અથવા કમર્શિયલ બેંક અથવા નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન મેળવવા માટે સક્ષમ બને.

# ધોરણ ૬થી ૧૨ના શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત નિ:શુલ્ક શિક્ષણ માટે રાજ્યસ્તરની કોમન પ્રવેશ પરીક્ષા યોજાશે

## જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ, ટ્રાયબલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ, ડે સ્કૂલ, રક્ષાશક્તિ સ્કૂલ્સ અને મોડેલ સ્કૂલ્સ શાળાઓમાં પ્રવેશ માટે યોજાશે કોમન પ્રવેશ પરીક્ષા : તા. ૨૩ માર્ચ ૨૦૨૩થી ૫ એપ્રિલ ૨૦૨૩ સુધી ભરી શકાશે ઓનલાઈન ફોર્મ

વેરાવળ, તા.૨૫

સરકારી શાળાઓમાં ભણતા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમને શ્રેષ્ઠ ભૌતિક અને ડિજીટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓથી સજ્જ ભવિષ્યલક્ષી ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે હેતુસર જ્ઞાનશક્તિ રેસીડેન્શિયલ સ્કૂલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસિડેન્શિયલ સ્કૂલ, જ્ઞાનસેતુ ડે સ્કૂલ તેમજ રક્ષાશક્તિ સ્કૂલ્સ તેમજ મોડેલ સ્કૂલ્સમાં ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક વર્ષમાં ધોરણ.૬માં પ્રવેશ માટે રાજયસ્તરની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવાનું આયોજન છે જેમાં સરકારી અને અનુદાનિત શાળાઓમાં ધોરણ ૧થી ૫નો અભ્યાસ કરેલ હોય તથા ધોરણ ૫નો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકશે અને તેમજ સ્વનિર્ભર/ખાનગી શાળાઓમાં ધોરણ-૫નો અભ્યાસ કરનાર ફકત રક્ષાશક્તિ સ્કૂલ્સ તેમજ મોડલ સ્કૂલસના ધોરણ-૬ માટે પ્રવેશ પરીક્ષા આપી શકશે જેમાં મેરિટ આધારિત ધોરણ-૬માં પ્રવેશ મળશે. આ પરીક્ષા માટે ઓનલાઈન ફોર્મ ભરવાનો સમયગાળો ૨૩ માર્ચ ૨૦૨૩થી ૫ એપ્રિલ ૨૦૨૩ સુધી રહેશે જ્યારે કોમન પ્રવેશ પરીક્ષાની તારીખ ૨૭ એપ્રિલ ૨૦૨૩ રહેશે. વધુ વિગતો માટે રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ www. sebexam. orgની મુલાકાત લેવી.

# રાજકોટના સફાઈ કામદારોના પ્રતિનિધિઓની રજૂઆતો સાંભળતા અંજનાબેન પવાર



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૫

તાજેતરમાં સફાઈ કામગીરી દરમ્યાન મૃત્યું પામેલા બે સફાઈ કામદારોના આકસ્મિક મૃત્યું પ્રસંગેરાજકોટ આવેલા રાષ્ટ્રીય આયોગના ઉપાધ્યક્ષ અંજનાબેન પંવારે રાજકોટના સફાઈ કામદારોના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી. અને સમભાવપૂર્વક તેમની રજૂઆતો સાંભળી હતી. રાજકોટ સફાઈ કામદાર મંડળના પ્રમુખ બટુકભાઈ વાઘેલાએ ઉપાધ્યક્ષ અંજનાબેન પવાર સમક્ષ રાજકોટના સફાઈ કામદારોની મુશ્કેલીઓનું વર્ણન કર્યું હતું, જે બાબતે યોગ્ય કરવા સંબંધિત અધિકારીઓને અંજનાબેનને સ્થળ ઉપર જ સુચના આપી હતી. સફાઈ કામદારોને મળવાપાત્ર લાભો તથા નોકરી દરમ્યાન મળવાપાત્ર સાધન સગવડો વિશે વાઘેલાની રજૂઆતો અંજનાબેને ધ્યાનપૂર્વક સાંભળી હતી અને કોઈ પણ પ્રકારની બેદરકારી ન દાખવવા અધિકારીઓને અને નિષ્ઠાપૂર્વક સફાઈ કામગીરી કરવા સફાઈ કામદારોને સૂચના આપી હતી. રાજકોટ એરપોર્ટના કોન્ફરન્સ હોલમાં યોજાયેલી આ બેઠકમાં કલેકટર અરૂણ મહેશ બાબુ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર આશિષકુમાર તથા ચેતન નંદાણી તથા રાજકોટના સફાઈ કામદારોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ઉપાધ્યક્ષા અંજનાબેન પંવાર રાજકોટની મુલાકાતે

# સફાઈ કામદારોના પ્રશ્નો પ્રત્યે સંવેદનશીલ અભિગમ દાખવવા ઉપાધ્યક્ષાનો અનુરોધ-ફરજ દરમ્યાન થતા મૃત્યું અટકાવવા અધિકારીઓને તાકીદ

## ચાલુ નોકરીએ મૃત્યું પામનાર ૫૭ સફાઈ કામદારો અને સફાઇ દરમ્યાન ગંભીર રીતે ઘાયલ ૯૪ સફાઈ કામદારોના વારસદારોને નોકરી અપાઈ



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૫

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ઉપાધ્યક્ષા અંજનાબેન પંવારે સફાઈ કરતી વખતે ગૂંગળાઈ જવાને કારણે બે સફાઈ કામદારોના થયેલ આકસ્મિક મૃત્યુ સંદર્ભે રાજકોટની મુલાકાત લીધી હતી. આ બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને ઉપાધ્યક્ષ અંજનાબેને તાકીદ કરતા જણાવ્યું હતું કે સફાઈ કામદારોના પ્રશ્નો પ્રત્યે રાજકોટ મહાનગરપાલિકાએ સંવેદનશીલ અભિગમ દાખવવો જોઈએ અને સફાઈની ફરજ દરમ્યાન થતા મૃત્યુ કોઈ પણ ભોગે અટકવા જ જોઈએ.

સફાઈ કામગીરીમાં જોડાયેલા કાયમી કર્મચારીઓ, કરાર આધારિત કર્મચારીઓ તથા હંગામી કર્મચારીઓને નિયમ મુજબના મળવાપાત્ર તમામ સરકારી લાભો ઉપલબ્ધ કરાવવા આદેશ કર્યો હતો. મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરાએ આકસ્મિક સંજોગોમાં મૃત્યુ પામતા સફાઈ કામદારો અંગેની રાજકોટ મહાનગરપાલિકાની જોગવાઈઓનો સવિસ્તાર ઉલ્લેખ કર્યો હતો. અને ઉમેર્યું હતું કે ચાલુ નોકરીએ મૃત્યુ પામનાર ૫૭ સફાઈ કામદારોના વારસદારોને નોકરી આપવામાં આવી છે, જયારે સફાઈ કામગીરી દરમિયાન થયેલી ઈજાને લીધે નોકરી કરવા અશક્ત અથવા તો ગંભીર રૂપથી બીમાર થયેલ ૯૪ સફાઈ કામદારોના વારસદારોને નોકરી આપવામાં આવી છે. ૫૭૮ સફાઈ કામદારોને તેમના પગારનો હાયર સ્કેલ અપાયો છે. અને સફાઈ કામદારોના પરિવારની વ્યાખ્યામાં સુધારો કરીને સફાઈ કામદારના પૌત્રો તથા પરિણીત પુત્રીઓનો પણ પરિવારની વ્યાખ્યામાં સમાવેશ કરાયો છે, રાજકોટ મહાનગર પાલિકા દ્વારા સફાઈ કામદારો માટેયોજાનાર આરોગ્ય પરીક્ષણ કેમ્પ તથા સફાઈ કામ માટે ઉપલબ્ધ કરાવાયેલા વિવિધ સાધનોની સવિસ્તાર જાણકારી આપી હતી. ૭૦થી વધુ અપંગતાના કિસ્સામાં પણ સફાઈ કામદારોના વારસદારને મોકલી આપવામાં આવે છે, તેમ પણ કમિશનર અમિત અરોરાએ ઉમેર્યું હતું. પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી ઉપાધ્યક્ષ અંજનાબેન પંવાર સમક્ષ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સફાઈ કામદારો માટે ઉપલબ્ધ કરાવાયેલા સુરક્ષા સંબંધિત મશીનોની વિગતવાર માહિતી રજૂ કરાઈ હતી અને મૃત્યુ પામનાર બંને કામદારોની વિગતો રજૂ કરાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ, ગ્રામ્ય પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોર, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી, વિકસતી જાતિના નાયબ નિયામક સી.એન.મિશ્રા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર નિલેશ રાઠોડ તથા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને અન્ય સંબંધી વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નાયબ મ્યુનિસિપલ કમિશનર આશિષ કુમારે એરપોર્ટ ખાતે યોજાયેલી સફાઈ કામદારોની પરિસ્થિતિની સમીક્ષા બેઠકમાં ઉપાધ્યક્ષ અંજનાબેનને આવકાર્યા હતા.

